Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 03

December, 2018



'પુરુષો કરતાં સ્ત્રીઓ સમાજમાં ઘણું સહન કરે છે અને ઘણો ત્યાગ કરે છે. એ હજી આપણા હૃદયમાં ઊતર્યું નથી.'

માથે ગમે તેવા ઝંઝાવાતો ઝઝૂમતા હોય, તોયે પત્ની પ્રત્યે કડવાશ ઊભી થવા દેશો નહિ. મારું એટલું ઋણ જો તમે અદા કરશો, તો હું તમારો જિંદગીભરનો સેવક થઈ રહીશ.

બહેનોની જેટલી આશિષ મળશે, એ મારે મન ભગવાનની દુઆ બરાબર છે.

- શ્રીમોટા

*'જીવન પગથી', પાંચમી આવૃત્તિ, પૃ. ૧૬૧*



(અનુષ્ટુપ)

**'જેણે છે પકડ્યો હાથ, તે જ પાર ઉતારશે.'**

- શ્રીમોટા

'જિજ્ઞાસા', ત્રીજી આવૃત્તિ, પૃ. ૪૦

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૩ અંક : ૩ ડિસેમ્બર, ૨૦૧૮**

## અનુક્રમ

૧. મારા જીવનમાં બનેલ ચમત્કારી ઘટનાઓને મેં મહત્ત્વ આપ્યું નથી ........................ શ્રીમોટા ૪
૨. જે પુરુષો પ્રભુના નામથી તર્યા છે, તેમને ધન્ય છે ............................... શ્રીમદ્ રાજચંદ્ર ૫
૩. ગયેલા આત્માને : ડૉ. શશિકાંત શાહ (સુરત) ... -સંપાદક ૬
૪. ઈશુનું ગિરિ-પ્રવચન .......................... વિનોબા ૭
૫. વિચારને રંગ-રૂપ અને ગુણ-શક્તિ હોય છે ........ રાલ્ફ વાલ્ડો ટ્રેઈન, અનુવાદક : મણિલાલ દોશી ૧૧
૬. નામસ્મરણ ....................... પૂ. ડાંગરે મહારાજ ૧૨
૭. કુદરતની અનિયમિતતાનો હેતુ .................. શ્રીમોટા ૧૩
૮. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ................ ............................ સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૫
૯. ગોધરાના બાપજી મહારાજ (૫) ........... મુકુલ કલાર્થી ૨૦
૧૦. કોણ જાણે ભવિષ્યમાં કેવુંક યુદ્ધ ફાટી નીકળશે ! .... શ્રીમોટા ૨૧
૧૧. ભારત અને સ્ત્રીનો પ્રશ્ન .................... શ્રીમાતાજી ૨૨
૧૨. અધ્યાત્મ અને આરોગ્ય ............ ઈન્દુભાઈ રોશનિયા ૨૪
૧૩. મારે હવે સ્ત્રીનો અવતાર જ લેવો છે ........... શ્રીમોટા ૨૫

### 'મોટા'નો અનુભવ લેતા રહેજો

**તમે 'મોટા'ને ખૂબ યાદ કર્યા કરજો. જો હૃદયના સાચા ભાવથી 'મોટા'ને યાદ કરશો, તો 'મોટા'એ કંઈ માટીનું પૂતળું નથી. 'જેમ સહુ કોઈનામાં ચેતન છે તેમ એનામાં જાગતું ચેતન છે. તેનો તમને અનુભવ થશે. એકવાર 'મોટા'નો તમને હૃદયથી અનુભવ થયો, તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે, અને પછી તો તમે 'મોટા'ને કદી જ છોડી શકવાના નથી.'**

**તમારા અનુભવથી બીજા જીવોને લાભ થવા સંભવ રહેલો છે.**

'જીવન પ્રેરણા', ચો.આ., પૂ. ૮૭ -શ્રીમોટા

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## (૧) મારા જીવનમાં બનેલ ચમત્કારી ઘટનાઓને મેં મહત્ત્વ આપ્યું નથી

શ્રીમોટા

... કોઈનાં કૃપા કે આશીર્વાદથી આપણું બધું થઈ જશે એ વાતમાં ન રાચવું. શ્રેયાર્થીએ કોઈ આપણું કરી દેશે એ વાતમાં ન ફસાવું, નહિ તો મેળવવા જતાં નુકસાન થવાનો વધુ સંભવ છે.

અત્યારના આ કઠિન કાળમાં કોકને ઊર્ધ્વમાર્ગે જવાનું મન થાય છે, ઉચ્ચ જીવન જીવવાની તેને ભૂખ લાગી છે તે સારી વાત છે, પરંતુ માત્ર ઈચ્છાથી કંઈ મેળવી શકાશે નહિ, કારણ કે **આ** માર્ગ ત્યાગ અને તપશ્ચર્યાનો છે અને તેમાં ધીરજ, સહનશીલતા, સાહસ, હિંમત આદિ ગુણો જે રીતે કેળવવા જોઈએ તે રીતે ન કેળવાય ત્યાં સુધી તેનું પરિણામ પામવું મુશ્કેલ છે.

ગણિત અને બીજગણિતમાં જેમ તેના સિદ્ધાંતો હોય છે અને તે પ્રમાણે દાખલા ગણાય તો જ તેનો સાચો જવાબ મળે, તેમ સાધનામાં પણ એની ક્રિયા-પ્રક્રિયાઓનું ગણિત હોય છે. તે પ્રમાણે તે થાય તો જ તેનું યોગ્ય પરિણામ આવે, તે શ્રેયાર્થીએ ખાસ લક્ષમાં લેવું ઘટે છે.

સંસારવહેવારમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે એવું બને, પણ અધ્યાત્મ-માર્ગમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે પણ ખરાં અને ન પણ પડે. આ બાબતમાં શ્રેયાર્થીને ચોક્કસ ખાતરી આપી શકાતી નથી.

મારી સાધનામાં મેં દેખીતી આવી નાની નાની બાબતો ઉપર પણ વધુ ઝોક દાખવીને તેનું યોગ્ય પરિણામ લાવવા માટે એટલું બધું મથ્યો છું કે આજે તેની હકીકત કોઈને કહું તો તેના માન્યામાં પણ ન આવે. મારી લીધેલી તે મહેનત નકામી નથી ગઈ. તેની અસર મારી કાર્યદક્ષતા ઉપર એટલી બધી થયેલી કે મારાં કામથી ત્યારે હું સૌને સંતોષ આપી શકેલો...

**મારા જીવનમાં ચમત્કારિક લાગે એવી ઘટનાઓ બની છે, પણ મેં તેને મહત્ત્વ આપ્યું નથી** કે તેમાં રાચીને તે વાગોળ્યા કરી નથી કે તેની આળપંપાળ કરી નથી, પરંતુ ભગવાને મારી સાધનાશક્તિને વેગ મળે તે માટે આવા પ્રસંગો યોજ્યા હશે, તેમ માનીને હું તો મારી સાધનામાં જ મંડ્યો રહ્યો હતો. શ્રેયાર્થીએ પણ તેની સાધનામાં કદાચિત્ કોઈ ચમત્કારિક ઘટના બને તો તેમાં પડી નહિ રહેતાં, પોતાની સાધનામાં જ આગે બઢવાનું રાખવું. તેમ નહિ થાય તો ‘નહિ અહીંના, નહિ તહીંના’ ત્રિશંકુ જેવી સ્થિતિ થઈ જશે.

આધ્યાત્મિક માર્ગમાં ચમત્કારને લોકોએ બહુ મહત્ત્વ આપ્યું છે, તે બિરદાવવા જેવું નથી. જેને પ્રભુમાર્ગે જવું છે તેને બીજા કોઈની શક્તિ કેટલી કામમાં આવવાની ? આપણા જીવનમાં કદાચ કોઈ ચમત્કાર બન્યો તેથી કરીને આપણી સાધનાનું ધ્યેય પ્રાપ્ત થઈ ગયું તેમ આપણે કહી શકીશું ખરાં ?

આજે જ્યારે ચમત્કાર વિશે લખવા બેઠો છું ત્યારે મારે મારા ચાહકોને પણ તે વિશે વિનંતી કરવાની કે તમારા જીવનમાં મારી પ્રાર્થનાથી કરીને કોઈ શુભ ઘટના બની હોય તો તે માટે મને ન બિરદાવતાં મારા ભગવાનને બિરદાવજો, કારણ કે મેં તો તમારે માટે પ્રાર્થના કરી હતી, પરંતુ તમારું પાર પાડવાનું કામ તો **એ**ના હાથમાં હતું અને **એણે** તે પાર પાડ્યું, તે માટે **એ**ના ગુણગાન ગાજો. ભગવાને મને **એ**નો ખેપિયો બનાવ્યો છે અને મને તે જે આદેશ અને સંદેશ આપે છે, તે તમને હું આપું છું. મને તેમાં આનંદ છે.

‘જીવન પ્રભાત’, લેખકનાં બે બોલમાંથી બી.આ.,પૃ.૧૯ ❑

## (૨) જે પુરુષો પ્રભુના નામથી તર્યા છે, તેમને ધન્ય છે

શ્રીમદ્ રાજચંદ્ર

સત્સંગ ને સત્યસાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહિ. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તોપણ ઘડો થાય નહિ. તેમ કલ્યાણ થાય નહિ.

તીર્થંકરનો યોગ થયો હશે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થરહિતપણાનું છે. પૂર્વે જ્ઞાની મળ્યા હતા. પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ આ વખતે જ્ઞાનીનો યોગ મળ્યો છે ને પુરુષાર્થ નહિ કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે, પુરુષાર્થ કરવો. તો જ કલ્યાણ થશે. સત્પુરુષના કારણ નિમિત્તથી અનંત જીવ તરી ગયા છે, કારણ વિના કોઈ જીવ તરે નહિ. સત્સંગ વિના આખું જગત ડૂબી ગયું છે !

મીરાંબાઈ મહાભક્તિવાન હતાં. વૃંદાવનમાં જીવા ગોસાંઈનાં દર્શન કરવાં તે ગયાં ને પુછાવ્યું કે દર્શન કરવાં આવું ? ત્યારે જીવા ગોસાંઈએ કહેવડાવ્યું કે 'હું સ્ત્રીનું મોં જોતો નથી.' ત્યારે મીરાંબાઈએ કહેવડાવ્યું કે 'વૃંદાવનમાં રહ્યા, આપ પુરુષ રહ્યા છો એ બહુ આશ્ચર્યકારક છે. વૃંદાવનમાં રહી મારે ભગવાન સિવાય અન્ય પુરુષનાં દર્શન કરવાં નથી. ભગવાનના ભક્ત છે તો તે સ્ત્રીરૂપે છે, ગોપીરૂપે છે. કામને મારવા માટે ઉપાય કરો, કેમ કે લેતાં ભગવાન, દેતાં ભગવાન, ચાલતાં ભગવાન, સર્વત્ર ભગવાન.'

નાભો ભગત હતો. કોઈક ચોરી કરીને ચોરીનો માલ ભગતના ઘર આગળ દાટ્યો. તેથી ભગત પર ચોરીનો આરોપ મૂકી કોટવાળ પકડી ગયો. કેદમાં નાંખી, ચોરી મનાવવા માટે રોજ બહુ માર મારવા માંડ્યો, પણ સારો જીવ, ભગવાનનો ભગત એટલે શાંતિથી સહન કર્યું. ગોસાંઈજીએ આવીને કહ્યું કે 'હું વિષ્ણુભક્ત છું, ચોરી કોઈ બીજાએ કરી છે એમ કહે' ત્યારે ભગતે કહ્યું કે 'એમ કરીને છૂટવા કરતાં આ દેહને માર પડે તે શું ખોટું ? મારે ત્યારે હું તો ભક્તિ કરું છું. ભગવાનના નામે દેહને દંડ થાય તે સારું. એને નામે બધુંય સવળું. દેહ રાખવાને માટે ભગવાનનું નામ નહિ લેવું. ભલે દેહને માર પડે તે સારું-શું કરવો છે દેહને !'

સારો સમાગમ, સારી રીતભાત હોય ત્યાં સમતા આવે. સમતાની વિચારણા અર્થે બે ઘડીનું સામાયિક કરવા કહ્યું છે. સામાયિકમાં મનના મનોરથ અવળા-સવળા ચિંતવે તો કાંઈ પણ ફળ થાય નહિ. સામાયિક મનના ઘોડા દોડતા અટકાવવા સારુ પ્રરૂપેલ છે... આત્મા અંશો પ્રગટ થવા માટે ક્રિયાઓ વર્ણવી છે. જો ક્રિયાઓનું તે ફળ ન થયું તો તે સર્વ ક્રિયા સંસારના હેતુઓ છે.

પંચમકાળના ગુરુઓ કેવા છે તે પ્રત્યે એક સંન્યાસીનું દૃષ્ટાંત છે. એક સંન્યાસી પોતાના શિષ્યને ત્યાં ગયો. ટાઢ ઘણી હતી. જમવા બેસવા વખતે શિષ્યે સંન્યાસીને સ્નાન કરવાનું કહ્યું. ત્યારે સંન્યાસીએ મનમાં વિચાર કર્યો કે 'ટાઢ ઘણી છે અને સ્નાન કરવું પડશે' આમ વિચાર કરી સંન્યાસીએ કહ્યું કે, 'મેં તો જ્ઞાનગંગાજલ મેં સ્નાન કર રહા હૂં.' શિષ્ય વિચક્ષણ હોવાથી સમજી ગયો. પ્રસાદ લીધા બાદ ગુરુમહારાજ એક ઓરડામાં સૂઈ રહ્યા.

ગુરુને તૃષા લાગી એટલે શિષ્ય પાસે જળ માગ્યું, એટલે તરત જ શિષ્યે કહ્યું, 'મહારાજ, જળ જ્ઞાનગંગામાંથી પી લો' ગુરુએ કબૂલ કર્યું કે 'મારી પાસે જ્ઞાન નથી. દેહની શાતાને અર્થે ઠંડીમાં મેં સ્નાન નહિ કરવાનું કહ્યું હતું...'

મોહાદિ વિકાર એવા છે કે સમ્યગ્દ્રષ્ટિને પણ ડોલાયમાન કરી નાખે છે. માટે, તમારે તો સમજવું કે મોક્ષમાર્ગ પામવામાં વિઘ્નો ઘણાં છે. આયુષ્ય થોડું છે અને કાર્ય મહાભારત કરવાનું છે. જેમ હોડી નાની હોય અને મોટો મહાસાગર તરવાનો હોય. **જે પુરુષો પ્રભુના નામથી તર્યા છે, તે પુરુષોને ધન્ય છે.**

માણેકદાસજી એક વેદાંતી હતા. તેઓએ એક ગ્રંથમાં મોક્ષ કરતાં સત્સંગ વધારે યથાર્થ ગણ્યો છે. જૈનમાર્ગમાં ઘણા ફાંટા પડી ગયા છે. કુગુરુ અને અજ્ઞાની પાખંડીઓનો આ કાળમાં પાર નથી. મોટા વરઘોડા ચઢાવે, ને નાણાં ખર્ચે, એમ જાણીને કે મારું કલ્યાણ થશે. એક પૈસો ખોટું બોલી ભેગો કરે અને સામટા હજારો ખર્ચી નાંખે છે ! જુઓ, જીવનું કેટલું બધું અજ્ઞાન !

'શ્રીમદ્ રાજચંદ્ર', ત્રી.આ. પૃ. ૭૦૩ ❑

**ઉપવાસ**

**તિથિને અર્થે ઉપવાસ કરવાના નથી, પણ આત્મા અર્થે ઉપવાસ કરવાના છે. બાર પ્રકારનાં તપ કહ્યાં છે, તેમાં આહાર ન કરવો એ તપ જિહ્વા ઈંદ્રિય વશ કરવાનો ઉપાય જાણીને કહ્યો છે. જિહ્વા ઈંદ્રિય વશ થઈ તો તે બધિ ઈંદ્રિયો વશ કરવાનું નિમિત્ત છે. ઉપવાસ કરો તો તેની વાત બહાર ન કરો.**

**શ્રીમદ્ રાજચંદ્ર**

'શ્રીમદ્ રાજચંદ્ર', ત્રી.આ. પૃ. ૭૧૮

## (૩) ગયેલા આત્માને : શશિકાંત શાહ

**-સંપાદક**

**પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન રામનવમી નિમિત્તે હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા કોઈ યજમાનના સહયોગથી સ્વજનોનો મિલન સમારંભ-ઉત્સવ યોજાય છે. સને ૨૦૦૫ના આવા ઉત્સવમાં વક્તા તરીકે ઉપસ્થિત સ્વજનોને સંબોધન કરનાર ડૉ. શશિકાંત ગબલદાસ શાહનો સુરત મુકામે ૭૦ વર્ષની વયે દેહાંત થયો છે.**

**B.Sc., M.Ed.** ના ઉચ્ચ અભ્યાસ સાથે મીડિયા ટેક્નોલોજીમાં ડૉ. ગુણવંત શાહના માર્ગદર્શન હેઠળ **Ph.D.** કરી ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં દીર્ઘકાળ સુધી વ્યાખ્યાતા, રીડર, પ્રોફેસર, શિક્ષણ વિભાગના વડા, ડીન અને સિન્ડિકેટના સભ્ય એમ વિવિધ હોદ્દાઓ ઉપર તેઓએ સેવાઓ આપી હતી. તેઓશ્રીને અનેક ઍવોર્ડ પ્રાપ્ત થયા હતા. ઉપરાંત કેનેડા, અમેરિકા, ઈંગ્લૅંડ વગેરે પરદેશોમાં વ્યાખ્યાનો પણ આપ્યા હતા. મીડિયા વર્તમાનપત્રો સાથે સંકળાયેલા હતા.

પૂજ્ય શ્રીમોટાના મૌનઅનુષ્ઠાનના મૌનરૂમોથી આકર્ષાતા તેનો લાભ મેળવ્યો હતો. અનુષ્ઠાનનો સમય તેઓશ્રી માટે જિંદગીનો અત્યંત રોમાંચક અનુભવ હતો. ત્યાં પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનો અભ્યાસ કરવામાં મહત્તમ સમય પસાર થયો. ત્યાં તેઓશ્રીને વિચાર આવ્યો કે શ્રીમોટાના વિચારો સુરતમાં પ્રકાશિત થતાં 'ગુજરાત મિત્ર'ના માધ્યમથી વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડવા જોઈએ. પરિણામે 'માણસ નામે ક્ષિતિજ'ના નામથી સોળ લેખો પ્રકાશિત થયા હતા. છેલ્લે માર્ચ, ૨૦૧૭માં એ લેખો એક પુસ્તિકા દ્વારા પ્રકાશિત કરાયેલ છે. જેનું ટાઇટલ છે 'મારે સમાજને બેઠો કરવો છે.'

આ ઉપરાંત પણ અનેક પુસ્તિકાઓનું સંપાદન કરી તેઓએ પ્રકાશિત કરેલ છે. 'મૃત્યુમીમાંસા', 'સંતાનોમાં સંસ્કાર સિંચન', 'આ અમેરિકા છે' વગેરે વગેરે.

આવા સત્ત્વશીલ, અભ્યાસુ, સત્સાહિત્યના ઉપાસક અને વિતરક એવા પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્ગત શ્રી શશિકાંતભાઈના ગતાત્માનું શ્રીહરિ સર્વપ્રકારે કલ્યાણ પ્રેરે એવી ભાવના અને પ્રાર્થના છે. ❑

## (૪) ઈશુનું ગિરિ-પ્રવચન

**વિનોબા**

*(ભૂમિપુત્રના એપ્રિલ, ૧૯૯૮માં પ્રકાશિત થયેલ આ લેખ 'શાશ્વત ગાંધી'ના નવેમ્બર ૨૦૧૮ના પુસ્તકના આધારે છે. -સંપાદક)*

ઈશુ એક ટિંબા ઉપર બેઠા હતા અને બોલી રહ્યા હતા. લાઉડસ્પીકર તો એ દિવસોમાં હતું નહિ. ૩૦-૪૦ શ્રોતા સાંભળી રહ્યા હતા પણ એ લોકોએ ભારે નિષ્ઠાપૂર્વક સાંભળ્યું અને જે સાભળ્યું તે દુનિયાભરમાં પહોંચાડ્યું. આ રીતે આખી દુનિયામાં ઈશુનો સંદેશ પહોંચ્યો. થોડાક લોકો પણ જો નિષ્ઠાપૂર્વક કામ કરે, તો દુનિયાને કેવું માર્ગદર્શન મળી શકે છે, તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

ઈશુના ઉપદેશોમાં નીતિનો વિચાર, સમાજ-કલ્યાણનો વિચાર, ચિત્તશુદ્ધિનો વિચાર બહુ છે. ઈશુએ 'સરમન ઓન ધ માઉન્ટ' (ગિરિ-પ્રવચન)માં જે ઉપદેશ આપ્યો છે, તેના કરતાં ચઢિયાતો માનવસેવાનું પ્રતિપાદન કરનાર ઉપદેશ મેં બીજો નથી જોયો. જે ઊઠ્યો તે ભક્તિની વાત કરશે, પરંતુ ભક્તિ માનવસેવાના રૂપમાં પ્રગટ થવી જોઈએ, એવો એક જોરદાર વિચાર ઈશુએ માનવજાત સામે મૂક્યો. ઈશુને એ શ્રેય છે કે તેણે ભક્તિને માનવસેવાનું રૂપ આપ્યું.

ઈશુ પ્રેમમૂર્તિ હતા. તેમણે કહ્યું, તમે ઈશ્વરને પ્રેમ કરવાની વાત કરો છો, પણ તમારી સામે સાક્ષાત્ માણસ ઊભો છે, તેને પ્રેમ નહિ કરો તો જે દેખાતો નથી તેને પ્રેમ કેવી રીતે કરશો ? ભગવાન સાક્ષાત્ તમારી સામે અનેક સ્વરૂપમાં ઊભો છે - દુઃખીના રૂપમાં, ગરીબના રૂપમાં, દલિતના રૂપમાં, પીડિતના રૂપમાં, બીમારીના રૂપમાં, પછાતના રૂપમાં - તેને જોઈને તમારા દિલમાં કરુણા નહિ જાગે અને જે દેખાતો નથી તેને તમે પ્રેમ કરવા જશો, તો ભક્તિ નહિ, ભક્તિનો ઢોંગ થશે. એટલે જે નીચે પડેલા છે, છેવાડે પડેલા છે, તેમને ઉપર ઉઠાવવાનું કામ સૌથી પહેલું થવું જોઈએ. તેમની આંખોમાં પુણ્યપ્રભા લાવવી જોઈએ.

આમ, ગરીબોની સેવા કરવી જોઈએ અને તેને માટે આપણે ગરીબો સાથે ભળવું જોઈએ, એવો માનવસેવાનો ખાસ વિચાર ઈશુએ દુનિયાને આપ્યો. માનવસેવાની કલ્પનાનો વિશેષરૂપે, વ્યાપકરૂપે આવિર્ભાવ ઈશુના ઉપદેશમાં થયો છે.

એક માણસ ઈશુ પાસે શિષ્ય બનવા માટે આવ્યો અને કહેવા લાગ્યો, 'મને કાંઈક બોધ આપો !' જ્યારે ઈશુએ થોડીક વાત કરી ત્યારે પેલો કહેવા લાગ્યો, 'આનો તો હું અમલ કરું જ છું. મને કાંઈક વિશેષ બોધ આપો !' ત્યારે ઈશુ બોલ્યા : 'તારી પાસે જે કાંઈ સંપત્તિ છે, તે બધી ગરીબોમાં વહેંચી દે અને પછી બધું છોડી કરીને મારી પાસે આવજે.'

વળી, ઈશુનું એક વાક્ય છે, ઈશ્વર અને પૈસો સાથે નહિ રહી શકે. કાં તો ઈશ્વરને છોડો, કાં પૈસાને છોડો.

અરે, ઈશુએ તો એટલું સખત કહ્યું છે કે

કોઈ સામ્યવાદી પણ તેનાથી વધુ શું કહેવાનો ! 'ઇટ ઇઝ ઇઝિયર ફોર એ કૅમલ ટુ ગ્રો થ્રૂ ધ આય ઑફ એ નિડલ, ધેન ફોર એ રિચ મેન ટુ એન્ટર ઇન ટુ ધ કિંગડમ ઑફ ગૉડ' - સોયના નાકામાંથી ભલે ઊંટ પણ નીકળી જાય, પણ પૈસાદાર માણસને પરમેશ્વરના રાજ્યમાં પ્રવેશ નહિ મળે. મને લાગે છે કે આના કરતાં વધુ સ્પષ્ટ વાક્ય ભાગ્યે જ કોઈએ કહ્યું હશે. આમાં પરિગ્રહનો અત્યંત નિષેધ થયેલો છે. ચોરીનો નિષેધ તો જાણે થાય જ છે. ચોરી ન કરવી, તે સામાન્ય વાત છે. બધા જ ધર્મોમાં એમ મનાયું છે કે ચોરી કરવી એ પાપ છે, પરંતુ ચોરીનું મૂળ કારણ સંગ્રહ છે. સંગ્રહ ને પરિગ્રહ કાયમ રહ્યા, તો ચોરી પણ કાયમ રહેવાની છે, તે દૂર થઈ શકશે નહિ. માટે, પરિગ્રહનો પણ નિષેધ કરવામાં આવ્યો. એ એક વિશેષ વાત છે.

ઈશુએ સ્પષ્ટપણે પરિગ્રહનો અત્યંત નિષેધ કર્યો. એણે કહ્યું : 'આજનો રોટલો ભગવાન આપણને આજે આપે, કાલના રોટલાની ફિકર આપણે આજે ન કરીએ.' દરેક ધર્મમાં આ જ વાત કહી છે. - આજનું આજ, કાલનું કાલ. માટે, કાલની ચિંતા છોડી દો.

એટલું નક્કી માનજો કે પૈસાનો મોહ રાખનારા અહિંસાનો સાક્ષાત્કાર નહિ કરી શકે. 'સોયના નાકામાંથી ઊંટ...' વાળી ઈશુની વાત હું અક્ષરશઃ માનું છું. આપણે શરીરશ્રમથી જ રોટલો કમાવવાનું વ્રત લેવું જોઈએ અને પૈસાથી મુક્ત થઈ જવું જોઈએ. તેના વિના શક્તિશાળી અહિંસા પ્રગટ નહિ થાય. ઉપનિષદમાંયે આમ જ કહ્યું છે કે પૈસાના આધારે જે અમૃતત્વ પામવા માગશે, તે તો મડદું બનશે !

ઈશુના ઉપદેશમાં આવી રીતે જેમ માનવસેવાની વાત છે, પ્રેમની વાત છે, અપરિગ્રહની વાત છે, તેમ કેટલીક ચિત્તશુદ્ધિની પણ વાત છે. ઈશુનું એક વચન છે, 'યૂ જજ નોટ અધર્સ, ધેટ યૂ બી નોટ જજ્ડ' - બીજાનો ન્યાય તોળવા ન બેસો, જેથી તમારો ન્યાય પણ કોઈ નહિ તોળે. બીજાનો ન્યાય કરવો એ આપણું કામ નથી, ન્યાય કરવાવાળો કરશે. આપણે અંતર્યામી નથી, એટલે કોઈના અંતરમાં શું છે, તે જાણી શકતાં નથી. માટે, કોઈના કાજી ન બનવું.

ઈશુનું એક બીજું વચન મને ગમે છે તે છે, 'એગ્રી વિથ ધાય ઍડવર્સરી ક્વિકલી' - તમારાથી વિરુદ્ધ કે પ્રતિકૂળ વિચારવાળા સાથે તુરત મેળ પાડી લો. આમાં આપણો આગ્રહ ઓછો કરવાની, નાની નાની બાબતને પકડી ન રાખવાની વાત છે. નાની નાની વાતોને આગ્રહપૂર્વક પકડી રાખીશું, તો ખરેખર મહત્ત્વની ને મોટી વાતો માટે આગ્રહ કરવાની શક્તિ નહિ બચે. માટે, મેળ પાડવાની કોશિશ કરો અને તુરત કરો. તો જ આપણે સાથે મળીને કામો કરી શકીશું, સમાજવ્યાપી બની શકીશું.

ઈશુનો બીજો એક પ્રસંગ છે. મહંમદ પયગંબરે આ પ્રસંગ પોતાના અનુયાયીઓને કહેલો, અને ઈશુની જેમ આવા વિશ્વાસથી વર્તવાની સલાહ આપેલી. એકવાર ઈશુ ક્યાંક

જઈ રહ્યા હતા. એ જ રસ્તે એમની આગળ થોડા અંતરે બીજા બે માણસ જઈ રહ્યા હતા. તેમાંના એક માણસે બીજાના ખિસ્સામાંથી કાંઈક ચોરી લીધું. બીજાને આની ખબર ન પડી, અને તે જતો રહ્યો. ઈશુએ પાછળથી આ જોયું અને તેઓ ઝડપથી ચોરી કરનારા પાસે પહોંચી ગયા. જઈને પૂછ્યું કે તેં ચોરી કેમ કરી ? ત્યારે પેલો માણસ કહે કે, હું ભગવાનનું નામ લઈને કહું છું કે મેં ચોરી નથી કરી. ત્યારે ઈશુ બોલ્યા : 'મેં મારી સગી આંખે તને ચોરી કરતાં જોયો છે, તે છતાં તું જ્યારે ભગવાનના નામે આમ કહે છે ત્યારે હું મારી આંખ કરતાં ભગવાનના નામ ઉપર વધુ વિશ્વાસ રાખું છું' અને આમ કહીને તેઓ ચાલ્યા ગયા. મહંમદ પયગંબરે પોતાના શિષ્યોને કહ્યું કે ઈશુની આ ભૂમિકા ગ્રહણ કરવા લાયક છે.

આ એક બહુ મોટી વાત છે. વિશ્વાસ હોય તો આવો હોવો જોઈએ. આવો વિશ્વાસ રાખીએ, તો સામેવાળો પીગળી જશે, તેનું પરિવર્તન થશે. ઈશુ આવા બેવકૂફ હતા, બિલકુલ અવ્યાવહારિકોના સરદાર ! પરંતુ આજે સો કરોડ લોકો એમનું નામ લે છે. આપણી આંખ ક્યારેક જોવામાં ભૂલ પણ કરી બેસે, પણ ભગવાનનું નામ ખોટું ન હોઈ શકે - આવી હતી ઈશુની શ્રદ્ધા ! લોકો ભલે એમને ભોળા કહે. **પરંતુ તુકારામ કહે છે, 'ભોળપણનો અલંકાર ભક્તોને શોભા આપે છે.'** આ એમની શક્તિ હતી. ઈશુનું આ ઉદાહરણ બહુ મોટું ઉદાહરણ છે. હું તે ભૂલતો નથી.

ઈશુને કોઈએ પૂછ્યું, સામેવાળો તમને મારે-પીટે, તકલીફ આપે, તો કેટલીવાર સહન કરવું, 'સેવન ટાઈમ્સ' - સાત વાર ? ઈશુ બોલ્યા, 'આઈ સે નોટ સેવન ટાઈમ્સ, બટ સેવન્ટી ટાઈમ્સ સેવન' - સાત વાર નહિ, સિત્તેર ગુણ્યા સાત વાર. ક્ષમા કરતા જ રહો. આ જે એમણે કહ્યું, તે જેના હાથમાં ક્ષમારૂપી શસ્ત્ર છે, તે કદી નથી હારતો.

આ જ વાત શંકરાચાર્યે પોતાની ઢબે કહી છે. એમણે કહ્યું કે, સામેવાળો મારી વાત નહિ સમજે, તો હું ફરી સમજાવીશ. તોયે નહિ સમજે, તો ફરી બીજી વાર સમજાવીશ, ત્રીજી વાર સમજાવીશ. સાત ગુણ્યા સાત ગુણ્યા સાત વાર સમજાવીશ. જેટલી વાર સમજાવવું પડે તેટલી વાર સમજાવીશ. દરેક વાર જુદી જુદી રીતે સમજાવીશ. મારું શસ્ત્ર છે, સમજાવવું.

ઈશુની બાબતમાં બીજી એક ઘટના બહુ પ્રસિદ્ધ છે. એક બહેનથી કદાચ કોઈક ખોટું કામ થઈ ગયું. તેની તપાસ કરીને ન્યાય તોળવા એક પંચ બેઠું. ત્યાં લોકોનું ટોળું પણ ભેળું થઈ ગયું. પંચોએ ફેંસલો સંભળાવ્યો કે, 'આ બહેને ઘોર અપરાધ કર્યો છે. બધા લોકો પથરા મારી મારીને તેને શરીરથી મુક્ત કરે.' આ સાંભળતાં જ લોકોના હાથ સળવળવા માંડ્યા, પણ ઈશુ ત્યાં હાજર હતા. એમને બહેનની દયા આવી. એમણે ઊભા થઈને એક જ વાત કહી કે, જેનું પોતાનું મન સાવ સાફ હોય, તે જ આ બહેન ઉપર પથ્થર ઉગામશે. બધાના હાથ થંભી ગયા અને પછી ધીરે ધીરે એક એક માણસ ત્યાંથી ખસવા માંડ્યો. છેવટે પેલી બહેન અને ઈશુ જ ત્યાં રહ્યાં. ઈશુએ

તેને થોડો ઉપદેશ આપી પ્રેમથી વિદાય કરી. આ ઘટના પણ સદાય ધ્યાનમાં રાખવા જેવી છે. **બીજાના દોષો જોનારો માણસ મોટા ભાગે પોતાને નિર્દોષ માની બેસે છે** પણ તેવું નથી. તેથી હંમેશાં સમભાવ કેળવવો.

ઈશુના મૂળ પ્રેમ સંદેશની સાથોસાથ આ બધો ઉપદેશ પણ માનવાજત માટે ઘણો કલ્યાણકારી છે. તે સહુને લાગુ પડે છે. ટિંબા ઉપરથી ઈશુ બોલ્યા. થોડા લોકો ત્યાં હાજર હતા, એમણે એમનો બોલ ઝીલ્યો અને બીજાઓને પહોંચાડ્યો, અને એમ કરતાં કરતાં એ આપણા સુધી આવ્યો. આખી માનવજાત માટે તે ઉપયોગી છે.

'ભૂમિપુત્ર', ૧૬ એપ્રિલ, ૧૯૯૮ ❑

**'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ**

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ડૉ. નિવેદિતા હર્ષદભાઈ વૈદ્ય | સુરત | ૫,૫૦૦/- |
| ૨. | હેમંતભાઈ બી. જાની | વલસાડ | ૫,૦૦૦/- |
| ૩. | હેમલત્તાબહેન કીર્તિકુમાર અટોદરીયા | સુરત | ૫,૦૦૦/- |
| ૪. | ડૉ. પી. ડી. પટેલ | મહેસાણા | ૧,૧૧૧/- |
| ૫. | એક સેવક | | ૧,૦૦૦/- |
| ૬. | બાબુભાઈ શિવરામ પ્રજાપતિ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૭. | ઈશિતા વિમલભાઈ રાશિવાલા (નામસ્મરણ નિમિત્તે તા.૧૮-૧૧, રવિવાર) | સુરત | ૧,૦૦૦/- |
| ૮. | ઈન્દિરાબહેન ધોળકીયા | અમદાવાદ | ૫૦૦/- |
| ૯. | ફાલ્ગુની યોગેશભાઈ પટેલ (જન્મદિન તા.૨૪-૧૦ નિમિત્તે) | સુરત | ૫૦૦/- |
| ૧૦. | નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાળા | સુરત | ૩૦૦/- |
| ૧૧. | પ્રવીણભાઈ મોદી | સુરત | ૨૫૦/- |
| ૧૨. | વંદનાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૨૫૦/- |
| ૧૩. | ઈલાબહેન એમ. પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

**'ગુરુને સન્મુખ રાખો'**

**ભગવાનના માર્ગ પર જવું જ હોય તો પાકો મરણિયો નિર્ધાર જો તમારો હોય તો દિવસમાં વધારે ને વધારે ગાળો લઈ જાવ, સ્મરણ, પ્રાર્થના, ભજન કીર્તન, આત્મનિવેદન અને એમાંય જો તમે ગુરુ કર્યા હોય તો એને સન્મુખ ધરો, સન્મુખ રાખો. એને જ જે તે બધું કહ્યા કરો. એની નિકટતા રાખો, એને તમારા દિલમાં ઉતારો, મનમાં ઉતારો, બુદ્ધિમાં ઉતારો, પ્રાણમાં ઉતારો, પ્રત્યેક કર્મ કરતી વખતે એને જીવતો કરો તો ઘણો વેગ મળશે. વિકાસ થશે.**

**- શ્રીમોટા વાણી, ૧૩-૧૪, પૃ. ૬૮**

## (૫) વિચારને રંગ-રૂપ અને ગુણ-શક્તિ હોય છે

રાલ્ફ વાલ્ડો ટ્રેઈન, અનુવાદક : **મણિલાલ દોશી**

*(અમેરિકામાં જન્મ પામેલા રાલ્ફ વાલ્ડો ટ્રેઈન કૃત પુસ્તક 'ઈન ટ્યૂન વીથ ધી ઈન્ફિનિટ'નો ગુજરાતી ભાષામાં અનુવાદ સ્વ. મણિલાલ નથુભાઈ દોશીએ કર્યો હતો. ભાષાંતર કરાયેલ પુસ્તકનું નામ* ***'પ્રભુમય જીવન'*** *છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, મુંબઈ દ્વારા એનું પ્રકાશન થયેલ છે. તેમાંથી 'વિચાર' ઉપરનું લખાણ સંપાદિત કરીને અત્રે રજૂ કરેલ છે. -સંપાદક)*

'માનવજીવન' પરમાત્માંથી ઊપજતું અને વહેતું હોવાથી તેને પરમાત્મતત્ત્વ સાથે સંબંધ છે. અર્થાત્ માનવજીવનનો સંબંધ એક તરફ આસપાસની દુનિયા સાથે છે, તો બીજી તરફ 'વિચાર' અથવા મન આપણા માનવજીવનને પરમાત્મતત્ત્વ સાથે જોડનારી નહેર જેવું છે.

'વિચાર'નું સ્વરૂપ એ કંઈ માત્ર કલ્પના કે હવાઈ ખ્યાલ નથી, પણ એક પ્રબળ સૂક્ષ્મ અને બહુ મોટી શક્તિ છે. વિચારની શક્તિ અદ્‌ભુત છે. **વિચારમાં આકાર, રંગ, રૂપ, ગુણ અને શક્તિ હોય છે. વિચારનું શાસ્ત્ર પણ છે. વિચારની શક્તિ વાસ્તવિક છે.**

સ્થૂળ દુનિયામાંની દરેક ચીજની ઉત્પત્તિ વિચારમાંથી જ છે. મનમાં વિચાર ઊપજ્યા પછી તે દૃશ્ય યા સ્થૂળરૂપમાં પ્રગટ થાય છે. અદૃશ્ય જગત કારણરૂપ છે અને દૃશ્ય જગત કાર્યરૂપ છે. વિચારોમાંથી જ આપણામાં ઉત્પાદન શક્તિ પ્રગટ થાય છે, જેને આપણે બોલાયેલો 'શબ્દ' કહીએ છીએ.

વિચારશક્તિના સંબંધમાં એક અગત્યની બાબત એ છે કે વિચારમાં પોતાના જેવા બીજા વિચારોને પોતા તરફ ખેંચવાનું બળ રહેલું છે. સમગ્ર વિશ્વમાં એક મહાનિયમ પ્રવર્તી રહેલો છે કે **'સમાન વસ્તુઓ એકબીજાને આકર્ષે છે'** આપણને આ બાબતનું જ્ઞાન હોય કે ન હોય, છતાં આ નિયમ તો પોતાનું કર્મ કર્યે જ જાય છે. આપણે વિચારોના મહાસાગરની વચ્ચે વસીએ છીએ. વિચારોના પ્રવાહરૂપે જ શક્તિઓ આપણામાંથી બહાર જાય છે અને બહારથી આપણી તરફ આકર્ષાય છે. આપણી આસપાસનું વાતાવરણ એ શક્તિઓથી ભરાઈ રહેલું હોય છે.

આપણે જેટલા પ્રમાણમાં સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને યોગ્ય બન્યાં હોઈએ તેટલા જ પ્રમાણમાં તે વિચાર પ્રવાહો આપણા પર અસર કરશે. નિર્બળ મનવાળા મનુષ્યને બાહ્ય વિચારની અસર વધારે થાય છે અને તેને આધીન થાય છે. દૃઢ મનના મનુષ્ય વિવેકથી અમુક જ વિચારોને પોતાના મનમાં સ્થાન આપે છે. બહારથી આવતી અશુભ વિચારની આકૃતિઓ સામે પોતાનાં મનનાં દ્વાર બંધ કરી શકવાની શક્તિ મનુષ્યમાં હોવી જોઈએ.

'હું ક્ષુદ્ર વિચારોની સામે મારાં મનનાં દ્વાર બંધ કરું છું અને સર્વ પ્રકારનાં ઉત્તમ વિચારો અને ભાવનાઓને ગ્રહણ કરવા માટે મારા મનનાં દ્વાર ખુલ્લાં રાખું છું' એ પ્રમાણે

**(અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)**

## (૬) નામસ્મરણ

**પૂ. ડોંગરે મહારાજ**

ઇંદ્રિયોને ભક્તિમાં તરબોળ ન કરો ત્યાં સુધી વાસનાનો વિનાશ થતો નથી. ભક્તિ દ્વારા જીવ ભગવાન પાસે જાય છે.

ધ્યાન, અર્ચન અને નામસ્મરણ દ્વારા ભક્તિ દૃઢ થાય છે. પરમાત્માનું ધ્યાન ન કરે ત્યાં સુધી મન શુદ્ધ થતુ નથી. દાનથી, વ્રતથી દ્રવ્ય શુદ્ધિ થશે પણ મન શુદ્ધિ થતી નથી. દાનનું ફળ છે લક્ષ્મી. ગીતાજીમાં કહ્યું છે કે,

ન વેદોથી, ન તપથી, ન દાનથી અને ન તો યજ્ઞથી મારી પ્રાપ્તિ થાય છે.

મનશુદ્ધિ પરમાત્માના ધ્યાનથી થાય છે. ધ્યાનમાં એકાગ્રતા ન થાય તો નામસ્મરણની જરૂર છે. આ કલિકાળમાં કાંઈ થઈ શકતું નથી. માટે, નામસ્મરણનો આશરો લેવો. કલિકાળમાં નામસેવા પ્રધાન બતાવી છે.

કળિયુગમાં સ્વરૂપસેવા જલદીથી ફળતી નથી. સ્વરૂપસેવા ઉત્તમ છે, પણ તેમાં પવિત્રતાની જરૂર છે. એવી પવિત્રતા કલયુગનો માણસ રાખી શકતો નથી. તેથી, નામસેવા મોટી કહી છે.

જે વસ્તુ ન દેખાય તેનું નામ પકડી રાખો તો નામમાંથી સ્વરૂપ પ્રગટ થશે. પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર જ્યાં સુધી થયો નથી, ત્યાં સુધી જે નામનો આશ્રય રાખે તેને જરૂર એક દિવસ સાક્ષાત્કાર થાય છે.

નામમાં દૃઢ નિષ્ઠા રાખો. સતત પરમાત્માના નામનો જપ કરવાની ટેવ પાડશો તો મરણ સુધરશે. નામનિષ્ઠા થાય તો નામી ઈશ્વરનું સ્મરણ થતાં મરણ સુધરે છે. બ્રહ્મનિષ્ઠા અંતકાળ સુધી ટકવી મુશ્કેલ છે. કલિકાળમાં નામનિષ્ઠા વગર બીજો કોઈ ઉપાય નથી.

રામનામથી પથ્થર તરી ગયા છે, પણ રામે નાખેલા પથ્થર ડૂબી ગયા છે.

રામનામમાં જે શક્તિ છે, તે ખુદ રામમાં નથી. રામનામે અનેકોને તાર્યા છે.

નામજપનો મહિમા અનેરો છે. જપ કરવાથી જન્મ કુંડળીના ગ્રહો પણ બદલાઈ જાય છે.

જપ તો જનાબાઈએ કર્યો. જનાબાઈ છાણાં થાપે તે કોઈ ચોરી કરી લઈ જાય. જનાબાઈએ નામદેવને આ બાબતની ફરિયાદ કરી. નામદેવે કહ્યું કે છાણાં તો બધાં સરખાં. તારાં છાણાં ઓળખાય કેમ ? ચોર પકડાય કેમ ? જનાબાઈએ કહ્યું કે મારાં છાણાં ઓળખી શકાશે. મારાં છાણાં કને ધરશો તો વિઠ્ઠલ વિઠ્ઠલ ધ્વની સંભળાશે. જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલ વિઠ્ઠલના નામનો જપ કરતાં જાય અને છાણાં થાપતાં જાય. નામદેવે ખાતરી કરી જોઈ. છાણાંમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ ધ્વની આવતો સંભળાયો.

આગળ જપની સંખ્યા અને તેનું ફળ બતાવ્યા છે. વિધિમાં બે નિયમ સાચવજો. બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઈનું ખાશો નહિ. પાંચ કરોડ જપ કરનારને જ્ઞાન મળે છે. પ્રાચીનકાળમાં સંતો ક્યાંય ભણવા ગયા હોય

**(અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)**

**સ્વજન :** મોટા, આ વરસાદ નથી પડતો અથવા તો બહુ ઈરેગ્યુલર થઈ ગયો છે. આપણા દેશમાં એની પાછળ અથવા તો હિન્દુસ્તાનની અંદર અત્યારે જે એક જાતનું ડેલવપમેન્ટ થઈ રહ્યું છે એની અંદર એવા કોસ્મીકનો હેતુ પણ હોઈ શકે ? મદદ કરવા માટે પણ અમુક જાતના આવા સંજોગો રચાતા હોય. એવુંય બને ખરું ?

**શ્રીમોટા :** એવું નહિ. એનું કારણ બે રીતે બતાવી શકાય. એક તો દરેક વસ્તુમાં ફેરફાર થાય છે. આ સ્થૂળ વસ્તુઓમાં ફેરફાર થાય. જગતમાં ફેરફારનો નિયમ છે. એવી રીતે વરસાદનું આ જે વાતાવરણ છે અને એના પ્રવાહોની દિશા છે, એ પણ કેટલાંક વર્ષે ફેરવાય છે, એ એક કારણ છે અને બીજું કારણ એને **ગીતામાં આપ્યું છે કે યજ્ઞથી વરસાદ થાય છે. અહીં યજ્ઞનો અર્થ કર્મ છે.** યજ્ઞનો અર્થ આહુતિ આપવી એ નહિ. એનો અર્થ કર્મ છે. એ કર્મ મનુષ્યના જેવા જેવા પ્રકારના એવું પરિણામ. અત્યારે મનુષ્યનાં કર્મ એટલાં બધાં અનીતિવાળાં - પ્રપંચવાળાં ને એવાં બધાં થઈ ગયાં છે. એવાં બધાં કર્મના પ્રભાવથી પણ વરસાદની આવી ગતિ છે. આ બે કારણો મને જડ્યાં. એક ત્રીજું કારણ છે. ત્રીજું કારણ કે આખા જગતમાં જીવનનો જે પ્રવાહ ચાલી રહેલો છે, એ પ્રવાહ એની મેળે કંઈ બદલાવાનો નથી. કોઈ આકસ્મિક કોઈ સંજોગો આવે તો જ એ બદલાય. બાકી એ બદલાય નહિ. ત્યારે એ બદલાવાને માટે - આપણી વૃત્તિની અંદર, મનુષ્યોની અંદર, રહેલો જે સ્વભાવ છે, એ સ્વભાવ બદલાવાનો છે, એ વાત ચોક્કસ.

નવી સૃષ્ટિ થવાની છે. નવી સૃષ્ટિ એટલે એવી પૃથ્વી નહિ. મનુષ્યોનાં મન બદલાવાનાં છે, એ વાત પણ મારા મનથી નક્કી છે. એના માટે જે વાતાવરણ થવું જોઈએ એ વાતાવરણ આપણાથી કંઈ થવાનું નથી. માણસોથી થવાનું નથી. એ તો ભગવાન જ પોતે કરશે. એ કરે છે કેવી રીતે કે આ જે આંતરિક સૃષ્ટિ છે - આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણને અહમ્ એ જેમ આપણા શરીરની અંદર છે એવી રીતે વાતાવરણમાં પણ છે. આપણા સંસ્કારો, આપણા વિચારો - એ પણ વાતાવરણમાં છે. આટલી ઓરડીની અંદર કેટલા બધા દેશના વિચારો છે ! એ હજુ બુદ્ધિથી મનાય તેવી હકીકત છે. તેવી રીતે આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની અંદર - આ અવકાશની અંદર છે ત્યારે એ અવકાશને બદલવાને માટે જુદા જુદા પ્રયોગો થશે. આ આખું યુનિવર્સ છે. એમાં જુદા જુદા પ્રયોગો થશે.

આ બે કારણ તો વરસાદના મેં કહ્યા. ત્રીજું કારણ મારા મનથી,-આ તો ખરું છે કે ખોટું તે જાણતો નથી, પણ મારા મનથી સમાધાન કરેલું કે એ જુદી જુદી રીતે બદલાશે. વરસાદના કારણથી જ બદલાશે. વરસાદ અનેક રીતે જુદી જુદી રીતે એના પ્રવાહ બદલશે અને એ બદલીને જુદા જુદા ફેરફારો કરશે. વરસાદને લીધે જુદા જુદા ફેરફારો થાય છે. એ તો આપણાથી મનાય

તેવી હકીકત છે. ત્યારે વરસાદને લીધે મનુષ્યના મનમાં પણ ફેરફારો થવાના અને તેવા આ અવકાશની અંદર પણ થવાના અને ત્યાર પછી મનુષ્યના આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની અસર હોય. તેના ઉપર પણ અસર થવાની અને તેના ઉપરથી પછી કોઈ નવું સર્જન થશે. વાર ઘણી લાગશે પણ આ સૃષ્ટિના વરસાદના પ્રવાહો બદલાતા રહે છે એ એનું જ્ઞાન - હવે વધારે લોકોને થશે. આ સાયન્ટિસ્ટોને થશે. થતું જતું હશે. જાણતાં હશે કદાચ. પણ આ પ્રવાહો બદલાતા જશે.

મને જે સમજણ ઘણાં વર્ષથી પડી છે કે અમારા દેશમાં હમણાં સમૃદ્ધિ થવાની નથી. કેઓસ (=અંધાધૂંધી) થવાનો છે. આવાં વર્ષ થયાં હશે ત્યારે જ કેઓસ થશેને ! એની મેળે થોડો કંઈ કેઓસ થાય ? એવી પરિસ્થિતિ ઊપજવી જોઈએ - એવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય, એવાં બધાં કારણો હવે થવા લાગ્યાં છે, મને તો દેખાય છે. બહુ ખુલ્લી આંખોએ દેખાય છે કે આ પરિસ્થિતિ આ કેઓસની થવાની છે. એનાં આ બધાં કારણો થાય છે. પણ એના માટેની જે બધી પરિસ્થિતિ થવી જોઈએ એ હજી નથી થઈ. એની હજુ વાર છે. એટલે આ પૂરો કેઓસ થયો નથી. બાકી, એનાં કારણોની શરૂઆત થઈ ગઈ છે. હમણાં ગુજરાતમાં દુકાળ પડ્યો. કેટલો બધો દુકાળ પડ્યો. કેટલી ઊથલપાથલ થશે એની આપણને ખબર નહિ પડે, પણ સમાજમાં ઘણી ઊથલપાથલ થશે.

'જન્મ પુનર્જન્મ', પ્ર.આ. પૃ.૪ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૧ નું ચાલુ)**

વખતોવખત ભાવના કરવાનો અભ્યાસ કરવાથી તેમ કરવાની ટેવ પડી જાય છે.

આપણી આસપાસના વાતાવરણમાં સ્થૂળ જગત પર રહેનારા જીવાત્માઓ જે જે વિચારો-ભાવનાઓ અને લાગણીઓ ઉત્પન્ન કરે છે. તે સર્વનો સમાવેશ અદૃશ્ય જગતમાં થાય છે.

માણસના સ્થૂળ શરીરરૂપી બાહ્ય આકાર ભલે ગમે તેટલા બદલાય, તોપણ તેમાં રહેલો જીવાત્મા તો તેનો તે અને અમર જ રહે છે. અર્થાત્ અમુક વ્યક્તિ આ સ્થૂળ શરીરનો ત્યાગ કરે તે પરથી આપણે એમ નથી સમજવાનું કે તેના જીવનનો અંત આવ્યો છે.

'ઈન ટ્યુન વીથ ધી ઈન્ફિનિટ', પ્રભુમય જીવન, ૨૨મી આ.પૃ.૨૪ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ)**

તેવું તેમના ચરિત્રમાં લખ્યું નથી. ભગવત્ બુદ્ધિથી ચિત્તશુદ્ધ થતાં અંદરથી જ્ઞાન સ્ફુરણ થતું. પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે. મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છે.

તેર કરોડ જપ કરવાથી જીવ અને ઈશ્વરનું મિલન થાય છે. કલિકાળમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અધિકારી ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી મંત્રમાં દિવ્ય શક્તિ આવે છે.

નામસ્મરણ સહેલું છે. જપ વિના જીવન સુધરતું નથી. મનુષ્યનો ઉદ્ધાર તો નામજપ, નામસ્મરણથી જ થાય છે. ભગવન્નામ એ જ પરમાત્માનું સ્વરૂપ છે. નામઆશ્રયથી પાપનો પણ વિનાશ થાય છે.

'પૂ. ડોંગરેજીનું ભાગવત', પૃ. ૨૪૬ સંકલન પ્રેષક : ગિરીશ જોષી ❑

## (૮) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદ સરસ્વતી

*(નોંધ : સ્વામી પ્રેમાનંદ સરસ્વતીની નર્મદા કાંઠે તેમના આશ્રમમાં રૂબરૂ મુલાકાત સમયે અમોને તેમની નર્મદા પરિક્રમાનું પુસ્તક પ્રાપ્ત થયું હતું. લગભગ ૨૦૦ પાનાંનાં એ પ્રકાશનમાંથી 'હરિભાવ'માં દર મહિને એક બે પાનાંની સંકલિત વિગત લેવાતી હતી. જે હવે પૂર્ણ થતી હોઈ સ્વામી પ્રેમાનંદ સરસ્વતીજીનાં ચરણે આભારસહ પ્રણમું છું. -સંપાદક)*

*(ગતાંકથી આગળ)*

...ચિત્તમાં વૃત્તિ સ્ફૂરતાં અંતઃકરણમાં સંસાર અંકિત થાય છે. ઇંદ્રિયોના વિષયોને મનની કલ્પના, સંસ્કાર પ્રમાણે સંસાર ખડો કરે છે. પ્રલયકાળનો વાયુ ફૂંકાતાં બધુ જ ભૂંસાઈ જાય છે. વળી પ્રભુ **'એકોઽહમ્ બહુસ્યામ'**ની ઘોષણા કરે છે ને સંસ્કારો પ્રમાણે પાછું જગત રચાય છે. અનંતકાળથી આ ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે.

ભીલવાડા પહોંચવામાં હજી ૨૦ દિવસની વાર છે. છતાં અમે ૐકારજીમાં જ ભીલવાડાની તૈયારી કરી. પરિક્રમાવાસી તરીકેનાં અમારી સાથેનાં સામાનનાં પોટલાં ગુજરાતમાં ગરૂડેશ્વર પહોંચાડવાની વ્યવસ્થા કરી. આ કારણે હવે અમે અમારી દયાજનક વેશભૂષા બનાવી આગળ વધ્યા.

રાજાને વહાલો રાજમહેલ અને ભિખારીને વહાલી ગોદડી, આ મારું છે, લૂંટાઈ ન જાય, જાળવો, વ્યવસ્થા કરો, આગળ ચતુર્માસમાં કામ લાગશે. આમ, માનવીય બુદ્ધિ એને કુદરત પર જીવવા દેતી નથી. 'હું સમજદાર છું. માટે, મારે વ્યવસ્થા કરવી જોઈએ' એ વિચાર જ વ્યક્તિને ભગવાન કેમ જિવાડે છે એ અનુભવથી વંચિત રાખે છે.

ભિખારી વેશમાં અમારો આ પહેલો દિવસ છે. ઉનાળો આગ વરસાવે છે. ઉઘાડા ડિલે લૂ વેઠવી પડે છે. મોઢું સૂકાય તોય માતાજી સુધી પહોંચીને પાણી પીવા જવાની હિંમત ન ચાલે એવું પગબૈણુ છે. ત્રિવિધના તાપમાં જીવ તપે છે એનું ભાન રહે કે ન રહે પણ આ વૈશાખી વાયરામાં અમે શેકાઈએ છીએ.

ઉત્તર તટ કરતાં દક્ષિણ તટનો મારગ બહુ સહેલો છે. તોય ઉત્તર તટે અમારા પગમાં જે જોમ હતું, હોંશ હતી, ચેતન હતું તે હજી આ તટે જણાતું નથી. એમાંય ૐકારજી પછી વારે વારે ઉદાસીનતા ઘેરી વળે છે. શરીરમાં શિથિલતા આવે છે, થાક લાગે છે, ભૂખ પણ બહુ પજવે છે. સ્વજનોની નજીક આવી રહ્યા છીએ, છતાં ઉમંગ અખંડ જળવાતો નથી. વૃદ્ધ બળદ પરાણે ગાડું ખેંચે તેમ અમે બળજબરીથી શરીરને ખેંચી રહ્યા છીએ.

ટોક્સર ગામનો બહુ કડવો અનુભવ થયો. સદાવ્રત ન હતું. ભીક્ષા માગવા નીકળ્યો તો બે-ચાર છોકરા એવા હઠે ભરાયા કે અમારી આગળ જઈને ડેલી બંધ કરી દે. ખૂબ રખડ્યા છતાં ઇચ્છાપૂર્તિ ન થઈ. ભૂખ અને થાકથી અમે સાવ લોથ થઈ ગયા. ૐકારજી પછી માતાજીનો પ્રવાહ બહુ વિશાળ બને છે. બન્ને કિનારા વચ્ચેનું અંતર દોઢ-બે કિ.મિ.થી ઓછું નથી. જળપ્રવાહ ક્યારેક આ કિનારે તો ક્યારેક

સામે કિનારે વહેતો હોય.

**ભૂખની આગમાં જ્ઞાન ખાખ થાય છે** અને કોઈ મીઠાશથી બોલાવે તો અમીઝરાની જેમ જ્ઞાન સ્ફૂરી આવે છે, મર્દાના ગામમાં અમને સારો સત્કાર મળ્યો. આજે અમાસ હતી એટલે સીધામાં ઘી-ગોળ પણ હતાં. વધારામાં ચા અને લસ્સી મળી. એક માતાજીએ ગોળનું પાણી બનાવ્યું અને સાથવો ઘોળીને ખવરાવ્યો. મરદાના એટલે મોયધ્વજ રાજાની રાજધાની એવી માન્યતા અહીંના લોકોની છે, પણ તેનું કોઈ પ્રમાણ નથી. પહેલાં અહીં જંગલ હતું. હવે સો-બસો વરસથી ગુજરાતી વસતી વસે છે.

સોહામણી કુદરત જ્યારે ભયંકર રૂપ ધરે ત્યારે માનવીની સ્થિતિ કેવી થાય ? એકાએક આંધી ચડી આવી. પવનના સપાટામાં ધૂળ-રેતીની ડમરી ચડી. ધોળે દિવસે સાથીદાર મિત્રોને ન જોઈ શકાય એવું અંધારું થઈ ગયું. નશામાં માણસ લથડિયાં ખાય એમ અમે ડોલતા હતા. ખાસ્સા બે કલાક આવું તોફાન રહ્યું. થોડા છાંટા પણ પડ્યા. પ્રકૃતિના તોફાન જેવું જ જગતનું તોફાન છે. માયાની જાળ એવી રચાય છે કે એમાં આપણે ખોવાઈ જઈએ છીએ, અને પોતે જ કર્તા-ભોક્તા બની બેસીએ છીએ. સુખદુ:ખમાં ડોલવા લાગીએ અને દિવ્યાત્મામાંથી મૂઢાત્મા બની જઈએ.

પોતાનું મૂળ ચિદાનંદ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન છે તીવ્ર વૈરાગ ને વિવેક. માયાની જાળમાંથી જે મુક્ત થવા ઇચ્છે તે કાચબો જેમ અંગો સંકેલે તેમ પોતાની ઇંદ્રિયોને તેના વિષયોમાંથી પાછી વાળી પ્રત્યાહાર સિદ્ધ કરે છે.

જે ચૈતન્યમાંથી બધું સર્જાયું તેમાં પાછું સમાઈ જવું, પોતાનામાં જ ખોવાઈ જવું, ખપી જવું, મરી જવું, અર્ધ ઉઘાડી આંખે અખંડ સમાધિમય શિવને જુઓ. ભગવાન બુદ્ધની પ્રેમ-કરુણામય પ્રજ્ઞા પારમિતા મુદ્રા જુઓ. પ્રાર્થના તત્ત્વમાં લીન મહાત્મા ઈશુનું ચિત્ર જુઓ. આવા લક્ષથી સત્પ્રવૃત્તિ થાય ને જીવન સાર્થક બને. જોકે આ વાત આસાન નથી.

માયામાંથી મુક્ત થવા મેદાને પડનાર સાધકના ચિત્તને સિદ્ધિઓ, શક્તિઓ, વિદ્વત્તા, વાક્પટુતા, યશ, પ્રતિષ્ઠા, મઢી, મઠ, આશ્રમ, ધર્મશાળા, ગૌશાળા, પાઠશાળા, અન્નપૂર્ણાની રસશાળા, બગીચા વાડી, લાડી બધી જ પ્રવૃત્તિઓ મધલાળની જેમ આકર્ષે છે. મેદાને પડેલા સાધક માટે આ ખૂબ જ લપસણી જગ્યા છે. હજારોમાંથી કોક જ આ પ્રલોભનોથી બચે છે. બાકીનાં આને સત્પ્રવૃત્તિ માની એમાં ખેંચાય છે ને જાગતાં પહેલાં જ જીવભાવમાં જીવન પૂરું થાય છે ને પોતાનામાં ખોવાવાના કોડ અધૂરા રહી જાય છે.

આજસુધી નર્મદાજીના કિનારે એવો એકેય તહેવાર નથી ગયો કે તે દિવસે અમને ગળપણ ન મળ્યું હોય. આજે અક્ષયતૃતીયા છે. સૌરાષ્ટ્રમાં ખેડૂતોને ઘેર ગોળની કઢી-રાબ થવાની અને વહવાયાં માગવા જવાનાં. જોકે હવે એમાંય સુધારો આવ્યો છે.

અમે ખળઘાટ છીએ. મુંબઈ-આગ્રા રોડ અહીંથી નર્મદા પાર કરે છે. અસાના મહાન સંત શ્રી દગડુ મહારાજજી આવતા દશેરાએ સો-બસો યાત્રીઓને લઈને નર્મદા પરિક્રમા કરવા

નીકળવાના છે. તેની પૂર્વ તૈયારી કરવા અસાવાળા ડૉ. ચૌહાણ નીકળ્યા છે. અમને અહીં મળ્યા. તેમની સાથે માનભોગ જમી અમે અખાત્રીજ ઊજવી.

હવે પછીનાં ગામોમાં સદાવ્રત નથી. તેથી, ઉતારો કરી તરત જ અમે ભીક્ષા માગવા ફરીએ ત્યારે ધોમધખતા ઉનાળાનો તડકો, પેટમાં ભૂખનો ભડકો, પગમાં કાંટાનો સટકો વાગે ત્યારે હું દેહ છું કે આત્મા-એની બરાબર ખબર પડી જાય.

સને ૧૯૩૩માં બડપાણી રાજ્યના મહારાજ શ્રી રણજિત સિંગે આ રાજઘાટ બંધાવ્યો છે. કાળા પથ્થરો કંડારી અંગ્રેજ ઍન્જિનિયરની બુદ્ધિ પ્રમાણે સુંદર ઘાટ બનાવ્યો છે. મહારાજશ્રીની મોટર છેક માતાજીના પ્રવાહમાં ઊતરી શકે એવી ગોઠવણ છે. ઘાટ ઉપર ભગવાન દત્તાત્રયજીનું સુંદર મંદિર છે. આ ઘાટ પવિત્ર રાષ્ટ્રીય તીર્થ (સ્મારક) છે. અહીં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, કસ્તૂરબા અને મહાદેવ દેસાઈના અસ્થિકળશ પધરાવાયાં છે. બડવાની શહેર ૬ કિ.મિ. અંદરની બાજુએ આવેલું છે. સામે કિનારે ચિખલદા શહેર છે. વિશાળ પુલ છે. અહીં અમે ત્રણ દિવસનું રોકાણ રાખ્યું. તે દરમિયાન ખૂબ કેરી ખાવા મળી. હવે આગળનો ભીલવાડાનો માર્ગ આ યાત્રાની અગ્નિપરીક્ષા જેવો કઠીન છે.

પશ્ચિમ તરફ આગળ નજર કરીએ તો સાતપુડા અને વિંધ્યાચળ પર્વતની હારમાળા એકબીજાથી સાવ નજીક આવેલી દેખાય. આ કાળમુખા પર્વતો જોઈને ઘડીભર વિચાર આવી જાય કે ભીલવાડામાં ન જવું ને બહારના રસ્તેથી આગળ વધવું, પણ અંદરથી કોઈ સળવળે. 'હિંમતે મર્દા તો મદદે ખુદા' એટલે નક્કી કર્યું કે ગમે તે થાય પણ શૂલપાણેશ્વરની ઝાડીમાંથી જ જવું.

રાજઘાટથી આગળ વધ્યા, ઝાડીના ભયંકર મારગ, મારી નબળી આંખોને ચશ્માં વગર શેર પીંજરામાં પુરાઈ ગયો. સંતશ્રી વલ્લભદાસજી મને બહુ ઉપયોગી થતાં, એમનો અનુગામી બની હું ચાલતો હતો. રાત્રે લઘુશંકા કે દીર્ઘશંકા માટે જવાનું થાય તો બલરામ હાથ પકડીને મને લઈ જાય. એ ઉપરથી મને એક વિચાર આવ્યો કે **સંતની પાછળ ચાલવામાં જ મજા છે.**

સાધુ-સંત-સજ્જનની પાછળ ચાલવામાં જીવની ભલાઈ છે. સંતો પરમ સત્ય સુધીનો માર્ગ સાફ કરતા જાય છે. એમના અનુગામીઓ નિર્વિઘ્ને એ પરમ તત્ત્વને જાણી જાય છે. તેથી જ પરમાત્માના લાડીલા સંતો જુદે જુદે સ્થળે અવતરે છે અને જીવોના કલ્યાણ માટે વધુ સરળ પંથ બનાવે છે. માટે, જે સંતની પાછળ ચાલે છે એને ઠોકર ખાવી પડતી નથી. જગતરૂપી જંગલમાં એને ભટકી જવાનો ડર નથી.

કોઠાયુદ્ધમાં અભિમન્યુ ઘેરાઈ ગયો હતો એમ અમે પણ પર્વતોની ખીણમાં ખોવાઈ રહ્યા હતા. મા નર્મદાનો જ એકમાત્ર સહારો હતો. બોરપેડી સુધી કાંઈ વાંધો ન આવ્યો. અમે એક ભીલના ઘરે રાત રહ્યા. વહેલી સવારે અમે ચાલતા થયા. થોડે દૂર જ લૂંટારુ ભીલની છાપરી હતી. એ બહુ ઝઘડાળુ હતો એટલે અમે ચોર પગલે ત્યાંથી નીકળી ગયા. આગળ એક યુવાન

ભટકાયો. અમારાં સુતરાઉ કપડાં ખેંચી ચાલતો થયો. ત્યાં સામે કિનારેથી છોકરાંઓનું ટોળું આવ્યું. જેના હાથમાં જે આવ્યું તે લઈને ભાગ્યા. આગળ એક ડોસો મળ્યો. તેણે બલરામને સાવ ઉઘાડો કરી મૂક્યો. પૂજાસામગ્રી હતી તે પણ લઈ ગયો. બધુંય લૂંટાઈ ગયું હાશ ! હવે નિરાંત થઈ. પછી જે ભીલો મળતા તેમને કશું ન મળવાથી અમને રંઝાડતા.

અમે તોરખેડા ગામ પહોંચ્યા. પેટમાં ભૂખની ભૂતાવળ નાચતી હતી, એક નાચીયા પટેલને ત્યાં પહોંચ્યા. તેની સ્ત્રીને દયા આવી. જુવાર દળી બે રોટલાનો લોટ આપ્યો. અડધો અડધો રોટલો, સાથે રામરસ (મીઠું) અને સબરસ સમાન મા નર્મદાનું જળ. બીજો દિવસ એથીય કપરો હતો. ગઈકાલની ભૂખથી અશક્તિ આવી ગઈ. ઉતારો કરેલ ઝાડ નીચે પહોંચતાં તો મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ. સલામતીનું સાધન એટલે પટેલનું ઘર ! અમે ત્યાં પહોંચ્યા. દીકરાએ જુવાર આપી જે અમે હાંડલીમાં મીઠું નાખી ચાવી લીધી. શિરામણ, બપોરાં કે વાળુ જે સમજો તે. ઊણા પેટે ઊંઘ ન આવે.

વૈશાખ પૂર્ણિમા. ભગવાન બુદ્ધની સ્મૃતિમાં અમે ટેકરે પડ્યા હતા. શીતળ ચાંદનીમાંય મારું શરીર તાવથી ધગધગતું હતું. અમે ઊંધા રસ્તે ચડી ગયા હતા. મહા મુસીબતે અમે નર્મદાજી પટમાં પહોંચી ગયા. લૂંટારુ ભીલોની હદ વટાવી અમે હતની સંગમ આવી ગયા અને બપોર સુધીમાં તો જલકત નદીના કિનારે પહોંચી ગયા.

અહીં મધ્યપ્રદેશની હદ પૂરી થાય છે અને મહારાષ્ટ્રની હદ શરૂ થાય છે.

...ઉત્તર તટ કરતાં દક્ષિણ તટના ભીલો વધુ ગરીબ છે. માંડમાંડ અમે હાપેશ્વર સુધી પહોંચ્યા. હાપેશ્વરથી ઉત્તર તટે ગુજરાતની હદ ચાલુ થાય છે. મંદિરના સંત મોહનદાસજી બહુ જ મોટા મનના છે. નાવડીવાળા સાથે અમારા માટે આ કિનારે લોટ-દાળ, ગોળ-મસાલા ને કપડાં પણ મોકલાવ્યાં. સાથે દીવાસળીની પેટી પણ હતી. આજે અમે ધરાઈને ધાન ખાધું. અહીં જ રાત રહી અમે સવારે આગળ વધ્યા.

આગળ જતાં તીર-કામઠાંવાળા બે ભીલો આવ્યા. કાલે મળેલાં લૂગડાં એમણે ઝૂંટવી લીધાં. પાણી પીવાનું તૂંબડું પણ આંચકતો હતો. અમે હાથ જોડી ખૂબ સમજાવ્યા પણ માને જ નહિ. એટલે મારું મગજ ખસક્યું. મેં લાકડી ઉપાડી પણ મિત્રોએ મને શાંત પાડી કહ્યું કે અહીં એ લોકોની વસ્તી છે. આપણે યાત્રી છીએ હવે બે દિવસનો જ માર્ગ છે. મેં મારી નારાજગી મિત્રો સમક્ષ રજૂ કરી.

પછીના દિવસમાં અન્ન ન મળ્યું. અમે નર્મદામૈયાના કિનારે જ રાત્રે આરામ કર્યો. આ છેલ્લી ભયકંર રાત્રિ હતી. આજે શૂલપાણિશ્વર મહાદેવના મંદિર પહોંચી જઈએ તો ત્યાં સદાવ્રત છે, પણ પૂજારી કઠણ કાળજાનો નીકળ્યો. માંડ દાળિયા અને સાકરિયા દાણાં મળ્યા. તે ખાઈને અમે પાણી પીધું. વળી, એને દયા આવી. લોટને વડી આપ્યાં. બપોર પછી રણછોડજીનાં દર્શન કરી દક્ષિણ તટનીય મહારાષ્ટ્રની હદ પૂરી કરી. મહાગુજરાતમાં પ્રવેશ કર્યો.

હવે સાવ નિર્ભય મારગ આવી ગયો. નવા ગામે ડેમનું દર્શન કરી આગળ વધ્યા. સાંજ સુધીમાં ઇંદ્રવર્ણા ગામે પહોંચી ગયા. સામે જ ગરુડેશ્વર છે. પાછું વળીને જોઈએ તો શ્વાસ થંભી જાય એવા ડુંગરા દેખાય અને આગળ નજર કરીએ તો ગરવી ગુર્જર ભૂમિનો લીલોછમ પ્રદેશ દેખાય. અહીં અમને અમારો સામાન, કપડાં, કમંડળ, વાસણો મળી ગયા.

અમારે ચાતુર્માસ શૂલપાણિશ્વરજીના મંદિરમાં જ કરવો હતો. પણ એક ટાણું માંડ રોટલા મળ્યા ત્યાં ચાર મહિના કેમ કાઢવા. એટલે એમ નક્કી કર્યું કે જ્યાંથી આ પરિક્રમા ઉપાડી હતી તે અસા ગામે પહોંચી જવું ને યાત્રા પૂરી કરવી. પછી ભગવાનની ઇચ્છા હશે તો ત્યાં ચાતુર્માસ થશે. દૂરથી અસા ગામ દેખાયું. અમારી યાત્રાનો આજે (તા.૧૨, જૂન ૧૯૮૩) ૪૫૧ મો દિવસ હતો. અસામાં ચાલતી ધૂનનો ધ્વનિ સંભળાયો. સામાન રસ્તામાં મૂકી અમે દંડવત્ કરતાં કરતાં એ પુણ્યભૂમિમાં પ્રવેશ્યા. અહીંના મહાપુરુષ સંત દગડુ મહારાજ સપ્રેમ સામે લેવા આવ્યા. એ પણ દંડવત્ કરી ભૂમિ પર આળોટતા હતા. આ દિવ્ય પ્રસંગને મારી કલમ વધુ ટાંકી શકે નહિ.

જ્યાંથી યાત્રાના પ્રસંગનો પ્રારંભ કરેલો પાછા ત્યાં ક્ષેમકુશળ આવ્યા. એમાં ભગવતી શ્રી નર્મદામાનો અમે કેવો ને કેટલો આભાર માની શકીએ. અમે ચારેય મિત્રો એકબીજાને પગે લાગ્યા. પરસ્પર ક્ષમાયાચના કરી.

આવી યાત્રાથી જીવનની દૃષ્ટિ મળે છે. જગતનું ખરું દર્શન થાય છે. વિરક્તિ આવે છે. ભગવાન જીવને ક્યારે કેવી રીતે મદદ કરે છે એનો અનુભવ થાય છે. શ્રદ્ધા દૃઢ બને છે. વૈરાગ્ય પ્રબળ બને છે. પ્રભુપ્રીતિ વધે છે ને જીવન ધન્ય બને છે. પરમ કૃપાળુ પરમાત્માનો, શ્રી નર્મદાજીનો, સાધુ-સંતોનો, સહયાત્રીઓનો, મિત્રોનો, જ્ઞાત અજ્ઞાત સર્વેનો અનંત ઉપકાર, આભાર માની સૌને સપ્રેમ અનેકાનેક વંદન સહિત 'નર્મદે હર' કહી વિરમું છું. (સંપૂર્ણ)

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ., પૃ. ૧૯૪ ❑

**નર્મદા પરિક્રમાના પ્રારંભે મળેલી શીખ**

**દક્ષિણ તટેથી પરિક્રમા શરૂ કરવાની સલાહ મળતાં અસા ગામે (જ્યાં અખંડ ધૂન ચાલે છે) નિર્લોભી આશ્રમમાં શ્રી દગડુ મહારાજે અમને કહ્યું કે, 'આ પરિક્રમાનું ' પૂરેપૂરું ફળ તેને જ મળે છે જે પ્રત્યેક ડગલે શ્રીહરિસ્મરણ-ઇષ્ટ મંત્રનો જાપ કરે છે. ગમે તેવી મુશ્કેલી આવે તોપણ શ્રદ્ધા ડગવા દેવી નહિ. કંઈ ભેળું કરવાની કે સુખ ભોગવવાની ઇચ્છા કરવી નહિ. સંગાથીઓનો સંગ છોડવો નહિ. પગે જોડા પહેરવાના નહિ, માથે છત્રી, ચાદર રાખવાં નહિ. સીવેલાં કપડાં પહેરવાં નહિ. સાથે પૈસા રાખવા નહિ, ભિક્ષા લઈને જ નિર્વાહ કરવાનો, નર્મદાજીને ઓળંગવાં નહિ, રોજ નર્મદા દર્શન કરવું. રસોઈ માટે-પીવા માટે નર્મદાજળનો ઉપયોગ કરવો. ત્રિકાળ સ્નાન કરવું. 'નર્મદે હર'નો નારો પુકારતા રહેવું.**

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ., પૃ. ૫ ❑

## (૯) ગોધરાના બાપજી મહારાજ (૫)

**મુકુલ કલાર્થી**

*(પૂજ્ય શ્રીમોટા સમક્ષ કોઈ સ્વજન પોતાની પત્નીવિશે ફરિયાદ કરે કે રોદણાં રડવા લાગે તો તેને પૂજ્ય શ્રીમોટા 'ગોધરાના બાપજીનું જીવનચરિત્ર' વાંચવા આપતાં. -સંપાદક)*

*(ગતાંકથી આગળ)*

ગોધરાના બાપજીના સત્સંગીઓની સંખ્યા વધતી ગઈ ત્યારે તેઓ પોતાના નિવાસસ્થાને બાપજીને પધારવા આગ્રહ કરવા લાગ્યા. એમાં પ્રભુનો સંકેત માની બાપજી મુંબઈ, પારડી નજીક વાઘછીપા ગામ, વલસાડ, સુરત, નડિયાદ અને અમદાવાદ વગેરે સ્થળે જવા લાગ્યા.

બાપજી હોય ત્યાં તેમનાં ધર્મપત્ની જમનાબા તો હોય જ. સત્સંગીઓ માજીની એટલી જ ચીવટથી સાર સંભાળ રાખતા, પણ માજીને વ્યવહાર-વિવેકનો ખ્યાલ આવતો નહિ અને બાપજીની ગાદી ઉપર બેસી જતાં. તેઓ પોતાને બાપજીના જેવાં જ જ્ઞાની અને પૂજ્ય માનવાં લાગ્યાં. ભક્તો સમજીને બાપજીની સાથે સાથે માજીને પણ પગે લાગતા એટલે માજી ફુલાઈને ફાળકો થઈ જતાં. 'જેવી રામજીની મરજી' એમ સમજીને બાપજી મૌન રાખતા.

બાપજી સત્સંગ કરતા હોય કે કોઈ ભજનનો ભાવ સમજાવતા હોય ત્યાં ભક્તાણી વચમાં પોતાનું ડહાપણ ડહોળવા મંડી પડતાં અને સત્સંગીઓને સમજાવવા લાગી જતાં ! ભક્તો બાપજી માટેના ઓરડામાં ગાદીતકિયો અને પથારીની વ્યવસ્થા ગોઠવેલી હોય અને માડી માટે અલગ ઓરડામાં વ્યવસ્થા કરી હોય એ માજી એ ચલાવી ન લેતાં. બાપજીની ગાદી ઉપર બેસી જાય તેમ જ પથારી ઉપર સૂઈ જાય. પણ બાપજી એમને ઉઠાડતાં નહિ અને પોતે નીચે બેસવાની ગાદી હોય ત્યાં સૂઈ જાય.

ભક્તજનો માજીનો આપખૂદ સ્વભાવ જાણી ગયાં હતાં એટલે માજીને રાજી રાખીને પણ બાપજીના સત્સંગનો કે પધરામણીનો લાભ લેતા હતા. ક્યારેક બાપજીની તબિયત સારી ન હોય તોપણ માજીના આગ્રહના કારણે તેઓને મુસાફરી કરવી પડતી. બાપજીને પોતાના નિવાસે લાવવા માટે ધીમે ધીમે માજી એક 'સાધન' બની ગયાં હતાં, બાપજીની ધીરજ જેવી તેવી ન હતી. સમજણપૂર્વક એ બધું ચલાવી લેતા અને તે રૂપે ખેલી બતાવતાં.

વલસાડમાં બાપજી અને માજીને ભક્તજનો લઈ જતા. તેમાં માજીને પણ પોતપોતાને ઘેર લઈ જતાં અને તેમની વિવિધ પ્રકારની સેવા કરતાં. ક્યાંક સાડી વગેરે ભેટ મળે એટલે માજીને લહેર પડી જતી. સ્ત્રીઓ પણ 'માજી, માજી' કરીને એમને સમજણપૂર્વક મહત્ત્વ આપ્યા કરે.

બાપજી પોતાની અંતરની સ્થિતિમાં ડૂબેલા હોય એટલે સાંસારિક, માયિક બાબતો તરફ ધ્યાન ન આપે. એટલે માડી પોતાની ઈચ્છા પ્રમાણે સાંસારિક કાર્યો ચલાવ્યે રાખતાં. એક રીતે માડીને છૂટો દોર મળી ગયો. કોઈ પણ સ્થળે જવું-આવવું, આપ-લેનો વ્યવહાર બધું એકલાં માજી જ ચલાવતાં. બાપજી તેમાં માથું મારતા નહિ. પરિણામે સમય જતાં માજીનો રૂઆબ અને બાહ્યાડંબર ઘણો જ વધી ગયેલો. *(ક્રમશઃ)*

'ગોધરાના બાપજી મહારાજનું જીવન ચરિત્ર', બી.આ. પૃ. ૨૬ ❑

## (૧૦) કોણ જાણે ભવિષ્યમાં કેવુંક યુદ્ધ ફાટી નીકળશે ! શ્રીમોટા

માનવીએ મનબુદ્ધિની મદદ વડે કુદરતી બળોને કબજે કર્યાં. એની શક્તિ જોતરીને એની કનેથી કામ લેવાનું કર્યું. એમાંથી બધાંનું જ સુખ થાય, બધાંનાં જીવનને શાંતિ મળે, બધાંને આશાયેશ થાય, બધાંને જીવનમાં આનંદ-સંતોષ પ્રગટે-એવું બધું હજી પૂરેપૂરું યોજી શકાયું નથી. બલકે એવી જોતરેલી શક્તિ કનેથી એવા પ્રકારનું સર્જન થયા કરેલું છે કે જેના વડે એક પ્રજા બીજી પ્રજાને પરસ્પર ઘુરકિયાં કરતી અનુભવાય છે. આવા ઘમસાણમાંથી **કોણ જાણે ભવિષ્યમાં કેવુંક યુદ્ધ ફાટી નીકળશે !**

માનવીના હાથમાં શક્તિ આવી પડેલી છે, પણ તેનામાં સ્વાર્થપરાયણતા હજી ઘટેલી નથી બલકે વિશેષ હોવાથી એનો ઉપયોગ તે કાજે જ થયા કરવાનો. જ્યાં પરસ્પર સ્વાર્થ હોય અને પરસ્પરના સ્વાર્થ ટકરાય, ત્યાં તો ઘર્ષણ જ ઊભું થવાનું, તે વાત પણ નક્કી. આમ ઘણું તપ કરીને બુદ્ધિથી મેળવેલી શક્તિ માનવીનું ભલું કરવા શક્તિશાળી થઈ શકતી નથી, એ તો આપણાં બધાંનો જાત અનુભવ છે. તેથી, સાચું તારતમ્ય તો એ નીકળે છે કે મનબુદ્ધિ આદિમાં નિષ્કામતા, નિર્મમત્વ, નિરાસક્તભાવ, નિરાગ્રહીપણું, સમતા આદિ ગુણો પ્રગટેલા હોય તો જ તે મેળવેલી કે મળેલી શક્તિનો જીવનના સમગ્ર વિકાસને અર્થે સદુપયોગ થઈ શકે.

આ યુગના માનવીએ શક્તિનાં બળોને કબજે તો કર્યાં, પણ જીવનનું રચનાત્મક સર્જન એણે કેટલું અને શું કર્યું ? માનવી માનવીને, દેશ દેશને, સ્થળકાળને એણે નજીક તો આણ્યાં, પણ તે એક કરવા નહિ, પણ વધારે જુદાં જુદાં પાડ્યાં કરવા.

હાલ વ્યક્તિ શું કે સમાજ શું, કે પૃથ્વી ઉપરની જુદી જુદી જાતો અને પ્રજાઓ શું, સમગ્ર જીવનમાં એક એવી કટોકટીની પળ આવેલી છે કે જે એક મોટો ભારે ફેરફાર થાય એવું માગી રહેલી છે. તેવા ખરા અંતરના સહજ ફેરફાર પ્રગટ્યા વિના, માનવીના જીવનનું ભાવી ઊજળું દેખાતું નથી. એવો ફેરફાર માત્ર કંઈ મનબુદ્ધિની મદદથી કે કોઈ સંસ્કૃતિથી કે કોઈ સદાચાર કે એવાં બીજાં બળોથી, કે કોઈ અમુક પ્રકારની વૈજ્ઞાનિક શક્તિથી, કે કોઈ એકાદ આધ્યાત્મિક --ની શક્તિથી થઈ શકવાનો નથી. ફેરફાર થવો જરૂરનો છે એમ તો દરેક કબૂલે છે, કિંતુ સહુ કોઈ પોતપોતાની રીતે અને શરતોએ, અને તેમના તેમના જીવનની રીતરસમની સમજણની રૂએ, અને પોતાના એકલાના જ સુખની કલ્પના પ્રમાણે તે ફેરફાર માગે છે. એમ પ્રત્યેકના ફેરફારની સમજણ પણ જુદા જુદા પ્રકારની હોય છે. એવા ફેરફાર જુદી જુદી પ્રજાના જીવનમાં અવારનવાર થયા જ કરે છે. તેવા ફેરફાર તે તે પ્રજાના જીવનના ઘડતરને કાજે જરૂરના પણ હોય છે, પરંતુ દુર્ભાગ્યની હકીકત તો એ છે કે એવા ફેરફારના પ્રસંગની વેળાએ, તે ફેરફાર જીવનના ઘડતર કાજે પ્રગટેલો છે તે ભાવે, તે પ્રકારના જ્ઞાનભાન સાથે તેનો ઉપયોગ કરવાનો છે, એવું કોઈ સમજતું હોતું નથી, અને તેથી તેનો યોગ્ય પૂરતો લાભ કોઈ લઈ શકતું નથી.

'જીવન પોકાર', બી.આ. પૃ. ૩૫૯ ❑

પુરુષને એમ લાગે છે કે પોતે સ્ત્રી કરતાં શ્રેષ્ઠ છે અને એ રીતે તે સ્ત્રી ઉપર પોતાનો અધિકાર જમાવવા માગે છે. સ્ત્રીને એમ થાય છે કે પોતાના ઉપર પુરુષ દમન ગુજારી રહેલો છે અને તે પુરુષ સામે પ્રગટ કે અપ્રગટ રીતે બળવો કરતી રહે છે. **આમ, આ બે વચ્ચેનો કાયમી ઝઘડો હરેક યુગમાં ચાલતો આવ્યો છે.** આ સંઘર્ષનું મૂળ તત્ત્વ તો એક જ છે, છતાં તેનાં રૂપો અને છાયાઓ અનેક પ્રકારનાં બનતાં રહેલાં છે.

વળી, એ વાત પણ સ્પષ્ટ છે કે આ પરિસ્થિતિનો આખોય દોષ પુરુષ, સ્ત્રી ઉપર ઢોળતો રહે છે અને એ જ રીતે સ્ત્રી પણ પુરુષ ઉપર આખો ને આખો દોષનો ટોપલો ઢોળતી રહે છે. પણ ખરી વાત તો એ છે કે આ દોષને સ્ત્રી-પુરુષ બન્ને વચ્ચે સરખે ભાગે વહેંચી દેવો જોઈએ અને સ્ત્રી કે પુરુષ બેમાંથી એકેયે પોતાની શ્રેષ્ઠતાની બડાઈ મારતાં અટકી જવું જોઈએ. માનવજાતિમાંથી આ રીતનો શ્રેષ્ઠતા અને હીનતાનો ભાવ જ્યાં લગી નાબૂદ નહિ થાય ત્યાં સુધી કોઈ પણ વસ્તુ કે કોઈ પણ વ્યક્તિ આ ગેરસમજૂતીનો અંત લાવી શકવાની નથી. માનવજાતિમાં પડી ગયેલી આ બે સામસામી છાવણીઓ એવી ને એવી ટકી રહેશે અને આ પ્રશ્ન એવો ને એવો અણઊકલ્યો જ રહે...

આજે પણ સ્ત્રી અને પુરુષ પોતાના પરસ્પર વ્યવહારમાં એકબીજા પ્રત્યે તદ્દન જુલમગાર માલિકની રીતે જ વર્તતાં હોય છે અને સાથે સાથે એકબીજાની કંઈક દયાજનક રીતની ગુલામી પણ કરતાં રહે છે.

**હા, સ્ત્રી-પુરુષ એકબીજાનાં ગુલામ જ છે.** જ્યાં લગી તમારામાં કામનાઓ, રાગદ્વેષો અને આસક્તિઓ હશે ત્યાં સુધી તમે એ વસ્તુઓના ગુલામ જ હોવ છો, તેમ જ આ બધાની તૃપ્તિ માટે તમારે જે વ્યક્તિના ઉપર આધાર રાખવો પડશે તેની તમારે ગુલામગીરી જ કરવાની રહેશે.

આ રીતે જોતાં સ્ત્રી, પુરુષની દાસ છે, તેને પુરુષ પ્રત્યે, પુરુષની શક્તિ પ્રત્યે આકર્ષણ છે. સ્ત્રીને 'ગૃહ' જોઈતું હોય છે, એ ગૃહમાંથી મળતી સલામતી તેને જોઈતી હોય છે. સૌથી વિશેષ તો સ્ત્રીને માતૃત્વની આસક્તિ વળગેલી છે. આ બધી વસ્તુઓ સ્ત્રીને પુરુષની દાસ બનાવી રાખે છે. એ જ રીતે પુરુષ પણ સ્ત્રીનો દાસ છે. એનામાં સ્વામિત્વનો ભાવ રહેલો છે, તે સત્તા અને આધિપત્ય માટે તલસતો હોય છે. તેનામાં જાતીય સંબંધની ભૂખ છે. પરિણીત જીવનમાંથી મળતી નાની મોટી સુખસગવડોમાં તેને આસક્તિ છે, અને આ બધું તેને સ્ત્રીનો દાસ બનાવી રાખે છે.

વસ્તુસ્થિતિ આમ છે, એટલે જ **કોઈ પણ કાયદો સ્ત્રીને મુક્ત કરી શકવાનો નથી.** આ મુક્તિ સ્ત્રીએ પોતે જ મેળવવાની છે. એ જ પ્રમાણે પુરુષો પણ, તેમને સ્ત્રી ઉપર અમલ ચલાવવાની આટલી બધી ટેવ પડી ગયેલી છે, છતાં સ્ત્રીના દાસ મટી શકવાના નથી. તેઓ પોતાની આંતરિક ગુલામીમાંથી મુક્ત થશે ત્યારે જ તેમનું આ દાસત્વ ટળશે...

સ્ત્રી તથા પુરુષ બન્ને પોતાની ઉત્તમોત્તમ અવસ્થામાં તો આ જાતિનું તત્ત્વ ભૂલી જઈ શકે છે, પણ એ અંગેનું સહેજ અમથું પણ જો કોઈ ઉત્તેજન મળી આવે છે, તો એ તત્ત્વ પાછું

જાગ્રત થઈ આવે છે. સ્ત્રીને થવા લાગે છે કે હું સ્ત્રી છું, પુરુષ જાણે છે કે હું પુરુષ છું. અને એમ પાછો આ ઝઘડો, એક કે બીજા સ્વરૂપે, ખુલ્લી કે ઢાંકી રીતે, અનિશ્ચિત કાળ માટે પાછો શરૂ થઈ જાય છે. આ સંઘર્ષ જેમ વધુ ગૂઢ રીતનો, અસ્વીકૃત રીતનો હોય છે તેમ તેનું સ્વરૂપ વધુ કાતિલ હોય છે. આ જોતાં તો એમ જ પ્રશ્ન થાય છે કે આ સંઘર્ષનો કદી અંત આવશે ખરો ? પુરુષ અને સ્ત્રી પોતાના પુરુષ અને સ્ત્રીપણામાંથી નીકળી જઈને, કેવળ આત્મારૂપ બની રહે અને પોતે બન્ને એક જ મૂળ તત્ત્વમાંથી આવેલાં છે, એ વસ્તુનો એક તદ્દન જાતિ વિનાના શરીરમાં આવિર્ભાવ કરી બતાવે ત્યાં સુધી આ સંઘર્ષ શું ચાલ્યા જ કરવું પડશે ?

આ પ્રશ્નનું નિરાકરણ હિંદમાં આ રીતની સુખદ અને આમૂલ રીતે નહિ સધાય ત્યાં લગી આ દેશ, બીજી ઘણી બાબતોમાં બનતું રહેલું છે તે મુજબ આ બાબતમાં પણ એક ઘણા ઉગ્ર અને વિરોધાત્મક વિરોધોની ભૂમિ બની રહેશે, પરંતુ એ વાત તો ચોક્કસ છે કે **આ સર્વ વિરોધોને એક મહા વિશાળ સમન્વયની અંદર ઓગાળી દઈ શકાય છે.**

આપણે જોઈએ છીએ કે આ હિંદમાં જ મા ભગવતીની એક અતિશય તીવ્ર ભાવપૂર્વક, પરમ પ્રેમપૂર્વક પૂર્ણ આરાધના થઈ રહેલી છે. એને હિંદનું હૃદય, વિશ્વની વિધાત્રી તરીકે, શત્રુઓની વિજેત્રી તરીકે, સર્વ દેવો અને બ્રહ્માંડોની જનેતા તરીકે, સર્વ વરોની દાત્રી તરીકે આરાધે છે.

અને સાથે સાથે આપણે એ પણ જોઈએ છીએ કે આ જ **હિંદની અંદર સ્ત્રી તત્ત્વ પ્રત્યે એક મહા ધિક્કારની અને તિરસ્કારની લાગણી પણ રહેલી છે.** સ્ત્રી તો પ્રકૃતિ છે, માયા છે, એક વિધ્વંસક ભ્રાંતિ છે, સર્વ પતનો અને સંકટોનું મૂળ છે, એ મહા છેતરનારી, પાપમાં પાડનારી, પ્રભુથી માણસને દૂર દૂર લઈ જનારી વસ્તુ છે એમ કહેવાતું આવ્યું છે.

હિંદના આખા જીવનમાં આ રીતનો વિરોધ સર્વત્ર વ્યાપેલો છે. હિંદનું ચિત્ત તથા હૃદય આ વિરોધથી કોરાઈ રહેલું છે.

આપણે આશા રાખીએ કે જગતમાં એક સમયે માનવમાં એક નવા વિચારનો અને એક નવી ચેતનાનો ઉદય થશે. એ વિચાર અને ચેતના પ્રકૃતિને એક નવી માનવજાતિનું સર્જન કરવાની ફરજ પાડશે. એ માનવજાતિને પછી પશુધર્મની રીતે શરીરનું સર્જન કરવાની ફરજને વશ થવાપણું નહિ રહેશે. અને એ જાતિને એકબીજાની પૂર્તિ કરે તેવી બે યોનિઓ વચ્ચે વહેંચાઈ જવાની ફરજ નહિ પડશે, પરંતુ આવો સમય આવે ત્યાં સુધી આપણે એટલું તો કરીએ જ કે આ બન્ને જાતિઓને આપણે સંપૂર્ણ સમાનતાની રીતે જ જોતાં થઈએ, બન્નેને એક જ સરખી કેળવણી અને તાલીમ આપીએ, અને તે બન્ને સર્વ યોનિભેદોથી પર એવી એક દિવ્ય વાસ્તવિકતા સાથે સતત સંપર્કમાં રહેતાં થઈને, જે મૂળ તત્ત્વમાંથી સર્વ શક્યતાઓ અને સંવાદિતાઓ પ્રગટ થાય છે, તે તત્ત્વને પ્રાપ્ત કરે એવું જ્ઞાન તેમને શીખવીએ. અત્યારની માનવજાતિની પ્રગતિ માટે આપણે અત્યારે વધુમાં વધુ આટલું તો કરી જ શકીએ.

અને આમ થતાં કદાચ હિંદમાં જ સર્વ વિરોધીની બનેલી આ ભૂમિમાં જ, માનવજીવનમાં નવા નવા સાક્ષાત્કારોની કલ્પના પ્રથમ તેના જ પારણામાં ઝૂલેલી છે, તે મુજબ એ સર્વ સાક્ષાત્કારોની સિદ્ધિ પણ અહીં જ આવી બનશે.

'અર્પણ', સપ્ટે. ૨૦૧૩, સાભાર ❑

## (૧૨) અધ્યાત્મ અને આરોગ્ય

ઈન્દુભાઈ રોશનિયા

શીર્ષક વાંચીને મનમાં થતું હશે કે અધ્યાત્મ અને આરોગ્યને શું સંબંધ ! અધ્યાત્મ શબ્દને સમજીએ. આત્મા તરફ ગતિ કરવી એટલે અધ્યાત્મ. આત્માને જાણવો. આરોગ્ય મેળવવું છે ? આધ્યાત્મિક બનો એટલે ધર્મનું પાલન કરવું ? પરંતુ સ્વામી વિવેકાનંદે કહેલું કે માનવતા એ જ શ્રેષ્ઠ ધર્મ છે. માનવતાનો ગુણ કેળવવા માટે :-

(૧) પરમાત્મા પર શ્રદ્ધા રાખવી અને એથી વિશેષ પોતાની જાત પર શ્રદ્ધા રાખવી. (૨) શ્રદ્ધાપૂર્વક ઈષ્ટદેવના જપ કરવા. (૩) જ્યારે મનમાં જપ થવા માંડશે ત્યારે આપોઆપ ધ્યાન લાગશે. વિશેષ આ માટે પ્રયત્ન નહિ કરવો પડે. મારા ગુરુદેવ શ્રી સ્વામી મનુવર્યજી કહેતા કે ધ્યાન એ કોઈ શીખવાની પ્રક્રિયા નથી. (૪) આહાર પરિવર્તન કરો. શુદ્ધ, હિતકારક અને સુપાચ્ય આહાર લો. (૫) અષ્ટાંગ યોગને જીવનમાં વણી લો. જંકફુડ ખાઈને યોગના વર્ગો ભરીશું તો યોગસિદ્ધ થશે નહિ. (૬) મૌનનો અભ્યાસ કરો. બહુ બક બક કરવાથી શરીરમાં વાયુ વધે. (૭) સદ્વાંચન-સત્સંગ કરો. (૮) આરોગ્યપ્રદ સંગીત સાંભળો. સંગીત એ પરમાત્માને પામવાનો સીધો માર્ગ છે. (૯) જે કંઈ જ્ઞાન પ્રાપ્ત કરો તેને અમલમાં મૂકો. આચારોપ્રથમો ધર્મ, આચરણ વિનાનું જ્ઞાન એકડા વિનાના મીંડા જેવું છે. તો આ માર્ગે ચાલવા માંડો. જેમ જેમ આગળ વધશો તેમ તેમ માનસિક સ્વાસ્થ્ય સારું થતું જશે. માનસિક સ્વાસ્થ્ય સુધર્યું તેનાં પણ લક્ષણો છે :-

(૧) માનસિક તણાવ ઘટશે. (૨) ઊંઘની ગોળી લીધા વિના નિદ્રા ગાઢ આવશે. (૩) કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સરનું જોર ઘટશે. (૪) પોઝિટિવ થીંકિંગ આવશે. (૫) મગજની અંતઃસ્રાવી ગ્રંથિઓનો સ્રાવ નિયમિત થશે. દૈહિક રોગો થશે નહિ અને થયા હશે તો ઊભી પૂંછડીએ ભાગવા માંડશે. (૬) ચિત્ત શુદ્ધિ થશે. ચિત્ત શુદ્ધ થતાં ચિત્તમાં પરમાત્માનું પ્રતિબિંબ પડશે. ત્યારે મનમાં થશે કે પરમાત્મા તો અંદર જ બેઠો છે. બહાર નકામા ફાંફાં મારતા હતા. (૭) દેહની આસક્તિ ઘટશે. અન્ય વ્યક્તિમાં પણ પરમાત્માનાં દર્શન થશે. પૂજ્ય રંગઅવધૂતજીની વાણી ચરિતાર્થ થશે. 'પરસ્પર દેવો ભવ'. એક કહેવત છે કે મન દુરસ્ત તો તન દુરસ્ત. છેલ્લે મૃગની નાભિમાં જ કસ્તૂરી હોય છે. તેની સુગંધ લેવા તે બહાર દોડતું રહે છે, કારણ કે તે અજ્ઞાન છે. મનથી તંદુરસ્ત બન્યા. તનની તંદુરસ્તી હવે આપણો જન્મસિદ્ધ અધિકાર છે.

❑

### વેરભાવ ટાળીએ

**'જગતમાં આપણું કોઈ વેરી નથી. કોઈના તરફથી જો દુઃખ મળે તો એ આપણાં પોતાનાં જ કર્મની છાયા છે, એમ આપણે માનવું અને સામાના વિશે મનમાં કશું અન્યથા ધારીએ કે માનીએ તો એમાં આપણા જીવનનું પતન છે.**

**ભગવાન આપણને એવા પતનમાંથી બચાવે એ જ પ્રાર્થના કરવી.'**

**-શ્રીમોટા**

'મુક્તાત્માનો પ્રેમસ્પર્શ' પ્ર.આ. ❑

# (૧૩) મારે હવે સ્ત્રીનો અવતાર જ લેવો છે

મેં મારા મનથી દૃઢ કર્યું કે મારે સ્ત્રીનો જ અવતાર લેવો છે. હવે એમાં મારી પાસે એક કારણ છે. અમારા દેશનો ઉદ્ધાર કરવો છે. હું ભણતો હતો ત્યારથી મારામાં ઘણી તમન્ના કે સમૃદ્ધ થયા વગર આપણા દેશને કોઈ ગણકારશે નહિ. ત્યારે અને અત્યારે પણ સમૃદ્ધ થઈ શકે એવું કોઈ વાતાવરણ નથી, તોપણ જેના વડે કરીને દેશની સમૃદ્ધિ થાય એવાં કામ કરું છું. અને મને બુદ્ધિથી એટલું બધું સાચું સમજાયું છે કે જો દેશને સમૃદ્ધ કરવો હોય તો જ્યારે દેશની સ્ત્રીઓ બહાદુર, પરાક્રમી, શૌર્યવાળી, ધીરજવાળી, સાહસવાળી, હિંમતવાળી, મર્દાનગીવાળી થશે ત્યારે અમારી પ્રજા એવી થશે. એવી સ્થિતિ સર્જવા માટે મારે સ્ત્રી થવું છે કે જેથી એમની સાથે હળીમળી શકું. બધું કરી શકું. કોઈક અનુભવીને આ જન્મમાં સંસારમાં રહેતાં રહેતાં કશુંક એવું સ્ફુરી જાય તો એ એ જાતનો જન્મ લે છે. પછી સામાન્યતઃ જે અનુભવીને આવું કંઈ બિલકુલ થતું હોતું નથી કે આ થવું છે કે જન્મ લેવો છે તો એ પણ હોતું નથી.

ભગવાન અવતરે અને કહે છે કે હું મારા ભક્તના રક્ષણ કરવાને માટે અવતરું છું. ધર્મનું રક્ષણ કરવાને માટે અવતરું છું. ત્યારે એ કારણમાં કોઈ મનાદિકરણ નથી. કોઈ હૃદય નથી. કોઈ વિચાર નહિ. કોઈ પ્રક્રિયા નહિ. એક સ્વયંસ્ફુલિંગ છે. તે રીતે અનુભવીને પણ એમ થાય છે કે આમ કરવાનું છે. આ કરવું છે. એવો એમાં કોઈ જાતનો સાંસારિક, વ્યાવહારિક, મનાદિકરણનો કોઈ વિષય એને ત્યાં સ્પર્શતો નથી. જેમ ભગવાન અવતાર લેવાનું કરતો હોય છે, એમાં કોઈ જાતનું એને એના મનમાં કે એના મનાદિકરણમાં કે અથવા તો એના અંતરના ભાગમાં કે અંતઃકરણમાં અથવા તો એના આત્માના અત્યંત સૂક્ષ્મ ભાગમાં પણ કોઈ જાતનો વિચાર સરખો હોતો નથી.

**મારે સ્ત્રીનો જન્મ લેવો છે પણ છોકરાં જણે એવી નહિ.** હું છોકરાં જણે એવી સ્ત્રી નહિ થાઉં. એ જન્મમાં મને વૈભવ વિલાસનો પાર નહિ હોય. મારે પૈસા કંઈ માગવા જવા પડશે નહિ. રૂપ પણ બહુ સુંદર હશે. 'એક લટકું બસ થાય.' સૌને વશ કરી દેવામાં એક જ લટકું બસ થાય. ભગવાન મને એવું રૂપ આપશે કે આ બધા પુરુષોને ત્યારે એ સ્થિતિમાં સાચી રીતે સમજાવી શકાશે. એ માન્યા વગર રહેશે નહિ. જેટલા જેટલા સંબંધમાં આવશે એનો છૂટકો નહિ થાય.

તે વખતે હું જે કહીશ તે બોલની પાછળ વીજળી નીકળતી હશે. એને બોલવાને Force (ફોર્સ) કરતી હશે. તે કોઈ જુદા પ્રકારની હશે. ત્યારે આજના જેવું નહિ હોય. મેં સંસારમાં આ બધું જોયું કે સમૃદ્ધ થવાને માટે જ્યાં સુધી બહેનોનું જીવન આવું નહિ થાય ત્યાં સુધી સમૃદ્ધિ થવાની નથી. **સમૃદ્ધિ કંઈ લક્ષ્મી વડે થાય છે એ હું માનતો નથી.** એ બહુ નજીવો ભાગ ભજવે છે, પણ માણસોને લીધે-એનાં ખુમારી અને ખમીર, એના ગુણ એ બધાં વડે કરીને-સંસ્કૃતિ સમૃદ્ધ થાય છે. એ મને બહુ ચોક્કસ લાગેલું છે.

પુરુષોને કંઈક એવા પ્રસંગોને લીધે એમનામાં આપમેળે નક્કી થઈ જાય છે, પણ

બધાય નથી લેતા હોતા. એ બધા અવકાશમાં છે ખરા. એટલે લય પામી ગયા છે, કંઈ કશું છે નહિ એમ નહિ. આ પૃથ્વી પર-આખા બ્રહ્માંડમાં એ બધા પોતપોતાને સ્થળે, પોતપોતાની મેળે છે. અમુક રીતે ત્યાં જ રહેતા હોય છે. એ ચેતનમાં લય પામી ગયા છે.

ચેતન સકળ બ્રહ્માંડમાં પ્રવર્તેલું છે. કોઈ એક જ ઠેકાણે છે એવું નથી. એ જેમ બધે છે તેવી રીતે જેને જન્મ લેવાનો છે જ નહિ, એવા અનુભવી લોકો અદૃશ્ય નથી પણ ચેતનની સાથે લય પામી ગયેલા હોય છે. એટલે ચેતન જેમ સર્વત્ર છે તેમ આ લોકો-અનુભવીઓ પણ સર્વત્ર છે.

હું ફરી જન્મવાનો પણ તેની વાર લાગશે. ત્યાં સુધી બધો વહેવાર કરવાનો, કારણ કે જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી I shall have to wait. (મારે થોભવું પડશે.)

ત્યાં સુધી ફર્યા કરીશું. કોઈ ઠેકાણે જઈશું. કોઈની સાથે સમાગમ કરીશું. પેલો જાણશે નહિ, પણ મને તો મળ્યાનો આનંદ થાયને, અને એક વાત એવી છે કે આ **અત્યારે શરીર સાથે જ આત્મા જેટલો બળવાન છે એના કરતાં શરીર વગરનો જે આત્મા છે તે વધારે બળવાન છે.** અત્યારે હું કંઈ તમારામાં પ્રવેશી ના શકું. માનસિકપણે પ્રવેશું, પણ તમારામાં હું વિચાર કરું, ધારણા કરું, પ્રાર્થના કરું, છતાંય પણ તમારામાં પ્રવેશાય નહિ અને પેલું અનુભવી પુરુષનું સૂક્ષ્મ શરીર અથવા તો એની સૂક્ષ્મતા-એનું એબ્સ્ટ્રેક્ટ બીઈંગ (અમૂર્ત અસ્તિત્વ) તે તમારી મરજી હોય કે ના હોય તે તમારામાં પ્રવેશી શકે છે. અને એ પ્રવેશીને તે કામ તો કરે, પણ એની ભૂમિકા તૈયાર ના થઈ હોય એટલે એ ચિત્તના સંસ્કારમાં મોટો ભાગ ભજવે. ત્યારે ચિત્તની અંદર એની સભાનતા જગાડવામાં એ મોટી મદદ કરે છે.

આ જ પૃથ્વી ઉપર આ બધું બને છે. પહેલાં મને લાગતું હતું કે હું દક્ષિણમાં જન્મ લઈશ. હવે એમ નથી લાગતું. મને સ્થળનું નક્કી નથી લાગતું. મને દક્ષિણનો દેશ ગમે તો બહુ, પણ આવી રીતનું નક્કી નથી લાગતું. But I shall have to wait (પણ મારે થોભવું પડશે) એમ લાગે છે.

હું તો આજે છેલ્લી વાત કરી દઉં છું. એમ તો ભગવાનની કૃપાથી મળીશું. પણ મારામાં દિલ રાખવું. તો કહે કે 'તમે જ રાખોને !' તો હું તો મારી રીતે રાખું છું, સૌ કોઈ પોતપોતાની રીતે રાખતું હશે, પણ મને સંતોષ થાય ત્યારે મને આનંદ થાય. આજ સુધી હું કહેતો ન હતો. પણ હવે જેમ લાગવું હોય તેમ ભલે લાગે. એટલે હું કહી દઉં-સમજાવું.

'અ' સામાન્ય સંસારી છે. 'બ' રિયલાઈઝડ્(સાક્ષાત્કારી) આત્મા છે. 'અ' અને 'બ'ની વચ્ચે દિલ મળેલું છે. વેગળા રહે છે. કોઈ નિમિત્તને કારણે 'બ'ને 'અ'ની યાદ આવે તો 'બ'નાં આંદોલનો 'અ' પાસે જાય. ત્યારે 'અ' અને 'બ'નું દિલ મળેલું હોવાથી પેલાં આંદોલનો પકડે છે. કેટલી બધી વાર આ પ્રક્રિયા ચાલતી હોય છે. એટલે રિસેપ્ટીવ-સ્વીકારાત્મક છે. રિસ્પોન્સીવ-પ્રતિભાવાત્મક બોથ-બન્ને થાય છે. દિલ મળેલું હોય તો બન્ને થાય છે. એટલે આ બધું સરળ છે એમ બુદ્ધિ કબૂલે છતાં એ પ્રમાણે કોઈ વર્તી ના શકે.

'અન્વય સમન્વય', પ્ર.આ. પૃ. ૬૪ ❏



પૂજ્ય શ્રીમોટાએ લોકવિદ્યાવિદ્ શ્રી જોરાવરસિંહજી જાદવના પ્રથમ લોકવાર્તા સંગ્રહ **'મરદ કસુંબલ રંગ ચડે'** નું સને ૧૯૬૮માં ટાઉનહૉલ અમદાવાદ ખાતે વિમોચન કર્યું હતું.

'શ્રી જોરાવરસિંહજી જાદવ અભિનંદન ગ્રંથ સને ૨૦૧૦'

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



આપણા દેશમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે આટલું અંતર કેમ રખાય છે, એ સમજવું કઠિન છે... કયા શાસ્ત્રમાં એવી વાત છે, કે સ્ત્રીઓ જ્ઞાનભક્તિની અધિકારી ન બની શકે ?
પરમ તત્ત્વ બ્રહ્મમાં લિંગભેદ નથી.

- સ્વામી વિવેકાનંદ

*'શ્રીરામકૃષ્ણ જ્યોત', જાન્યુઆરી-૨૦૧૩*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust, B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com